# વૈદિક જ્યોતિષ સંસ્થાન

# VEDIC JYOTISH SANSTHAN

Reg. No. Bombay Public Trust Act
**Wide Registration No. E-26475 (Mumbai)**
175/43-D, Panchsheel CHS., Sector-1, Charkop, Kandivali (W), Mumbai - 400 067.
Email : vjtvv1@gmail.com • www.vedicjyotishsansthan.com

## પ્રમાણ પત્ર અને ચંદ્રક વિતરણ

## Medal & Price Distribution

# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ

## GURU PURNIMA MAHOTSAV


**On Sunday, 17th July - 2011**

**❀ Program ❀**

**Lecture : 2.00 p.m. • Medal & Certificate : 3.30 p.m.**

**Venue :** J. B. Khot High School, Dattapada Road, Opp. Discover Tower, Borivali (East), Mumbai - 400 066.

**Our Centers : Borivali (Sat.) • Malad (Sun.) • Borivali (Mon.)**




શ્રી દક્ષિણામૂર્તિ ગુરૂ

# ।। श्रीदक्षिणामूर्तिस्तोत्रम् ।।

विश्वं दर्पणदृश्यमाननगरीतुल्यं निजान्तर्गतं पश्यन्नात्मनि मायया बहिरिवोद्भूतं यथा निद्रया ।
यः साक्षात्कुरुते प्रबोधसमये स्वात्मानमेवाद्वयं तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।१।।

बीजस्यान्तरिवाङ्कुरो जगदिदं प्राङ्निर्विकल्पं पुनः मायाकल्पितदेशकालकलना वैचित्र्यचित्रीकृतम् ।
मायावीव विजृंभयत्यपि महायोगीव यः स्वेच्छया तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।२।।

यस्यैव स्फुरणं सदात्मकमसत्कल्पार्थकं भासते साक्षात्तत्त्वमसीति वेदवचसा यो बोधयत्याश्रितान्
यत्साक्षात्करणाद्भवेन्न पुनरावृत्तिर्भवाम्भोनिधौ तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।३।।

नानाच्छिद्रघटोदरस्थितमहादीपप्रभाभास्वरं ज्ञानं यस्य तु चक्षुरादिकरणद्वारा बहिः स्पन्दते ।
जानामीति तमेव भान्तमनुभात्येतत्समस्तं जगत् तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।४।।

देहं प्राणमपीन्द्रियाण्यपि चलां बुद्धिं च शून्यं विदुः स्त्रीबालान्धजडोपमास्त्वहमिति भ्रान्ता भृशं वादिनः ।
मायाशक्तिविलासकल्पितमहाव्यामोहसंहारिणे तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।५।।

राहुग्रस्तदिवाकरेन्दुसदृशो मायासमाच्छादनात् सन्मात्रः करणोपसंहरणतो योऽभूत्सुषुप्तः पुमान्
प्रागस्वाप्समिति प्रबोधसमये यः प्रत्यभिज्ञायते तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।६।।

बाल्यादिष्वपि जाग्रदादिषु तथा सर्वास्ववस्थास्वपि व्यावृत्तास्वनुवर्तमानमहमित्यन्तः स्फुरन्तं सदा
स्वात्मानं प्रकटीकरोति भजतां यो मुद्राया भद्राया तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।७।।

विश्वं पश्यति कार्यकारणतया स्वस्वामिसंबन्धतः शिष्याचार्यतया तथैव पितृपुत्राद्यात्मना भेदतः ।
स्वप्ने जाग्रति वा य एष पुरुषो मायापरिभ्रामितः तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।८।।

भूरम्भांस्यनलोऽनिलोऽम्बरमहर्नाथो हिमांशुः पुमान् इत्याभाति चराचरात्मकमिदं यस्यैव मूर्त्यष्टकम् ।
नान्यत्किञ्चन विद्यते विमृशतां यस्मात्परस्माद्विभोः तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ।।९।।

सर्वात्मत्वमिति स्फुटीकृतमिदं यस्मादमुष्मिमस्तवे तेनास्य श्रवणात्तदर्थमननाद्ध्यानाच्च संकीर्तनात्
सर्वातमत्वमहाविभूतिसहितं स्यादीश्वरत्वं स्वतः सिद्ध्येत् तत्पुनरष्टधा परिणतं चैश्वर्यमव्याहतम् ।।१०।।

वटविटपि समीपे भूमिभागे निषण्णं सकलमुनिजनानां ज्ञानदातारमारात् ।
त्रिभुवनगुरुमीशं दक्षिणामूर्तिदेवं जननमरनदुःखच्छेददक्षं नमामि ।।११।।

चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा । गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तुच्छिन्नसंशयाः ।।१२।।

ॐ नमः प्रणवार्थाय शुद्धज्ञानैकमूर्तये । निर्मलाय प्रशान्ताय दक्षिणामूर्तये नमः ।।१३।।

निधये सर्वविद्यानां भिषजे भवरोगिणाम् । गुरवे सर्वलोकानां दक्षिणामूर्तये नमः ।।१४।।

मौनव्याख्याप्रकटितपरब्रह्मतत्त्वं युवानं वर्षिष्ठान्ते वसद्दषिगणैरावृतं ब्रह्मनिष्ठैः ।

आचार्येन्द्रं करकलितचिन्मुद्रमानन्दरुपं स्वात्मारामं मुदितवदनं दक्षिणामूर्तिमीडे ।।१५।।

।। इति श्रीमच्छङ्कराचार्यविरचितं श्रीदक्षिणामूर्तिस्तोत्रं सम्पूर्णम् ।।

હરિ ૐ

# સંસ્થા પરિચય

વૈદિક જ્યોતિષ સંસ્થાનનો મૂળ ઉદ્દેશ્ય આજના આધુનિક યુગમા જ્યોતિષ તથા વાસતુશાસ્ત્રને પહેલા જેટલું જ આદરપાત્ર બનાવવાનું તથા જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્રને જીવંત રાખવા માટે નિ :સ્વાર્થભાવે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે.

હાલનું દૂષિત માનસ જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્રને ખુબ જ નિમ્નકક્ષાનું ગણે છે. શાસ્ત્રના રચનાકારો એ કલ્પના પણ ન કરી હોય એવી અવહેલના આજના સમયમાં થવા માંડી છે, લોકો જ્યોતિષ કે વાસ્તુમાં વિશ્વાસ જાહેર કરવામાં નાનમ કે શરમ અનુભવતા હોય છે, ગુપ્તતા જાળવતા હોય છે ,હિણપત અનુભવતા હોય છે, શાસ્ત્ર પ્રત્યે સૂગ ધરાવતા હોય છે, કારણ શું... ? કારણ કે આજે આપણે આપણી મૂળ સંસ્કૃતિથી વિમુખ થઇ રહ્યા છીએ. સંસ્થા લોકોના માનસમાંથી આ વિદ્યા કે શાસ્ત્ર પ્રત્યેના ખોટા ભ્રમ અને ડર દૂર કરવાના હેતુ થકી નિસ્વાર્થ પ્રયાસ દ્વારા લોકોને જ્યોતિષનું નિર્મળ જ્ઞાન પ્રદાન કરે છે.

જ્યોતિષશાસ્ત્ર પાસે લોકોની આપેક્ષા એલોપથી દવા જેવી થવા લાગી છે. આજના સમયમાં લોકોને પોતાની તકલીફોનુ તરતજ નિવારણ જોઇએ છે. લોકોને અંધશ્રધ્ધા, પૂર્વગ્રહ તથા હાથોહાથ નિકાલ આપતા અન્ય ઉપાયો દ્વારા તેમની તકલીફોનુ કલાક અને મિનિટોમાં જ સમસ્યાનું નિરાકરણ જોઇએ છે. ટીકડી ખાતાજ..દર્દ ગાયબ...! આ માનસ બદલી ,સમજવુ જોઇએ કે સંસ્થાનો અભ્યાસક્રમ એ એક ગણત્રી તથા વિજ્ઞાન જ છે, જેના દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિથી પૌરાણિક દાખલા, કથાઓ, દ્રષ્ટાંતો દ્વારા ખુબજ સરળ પધ્ધતિથી શાસ્ત્ર ભણાવવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર, હસ્તરેખા શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર તેમજ સ્વરજ્ઞાન વગેરે વિષયોને આવરી લઇ વિસ્તૃત અભ્યાસ ક્રમ દ્વારા જ્ઞાનદાનની નિ :શુલ્ક સેવા માનદ્ અધ્યાપકો દ્વારા આપવામાં આવે છે. કોઇ પણ નાત-જાતના ભેદભાવ વગર ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતાં કોઇપણ ઉંમરના ભાઇ-બહેનો ને જ્ઞાન મેળવવાનું સહૃદય આમંત્રણ આપવામાં આવે છે. વર્ષાતેં પરિક્ષા લઇ પ્રમાણ-પત્ર આપવામાં આવે છે. આ શાસ્ત્ર વેદો દ્વારા મળેલો અમુલ્ય વારસો છે, વરદાન છે, જે ઋષિ મુનિઓની ન જાણે કેટકેટલા વર્ષોની મહેનતનો નિચોડ છે ? જ્યોતિષ શબ્દનો અર્થ શું છે ? ઉત્તર છે , ઈશ્વર ની જ્યોત..! માનવને જીવન જીવવાના માર્ગો તો અનેક છે, પરતું સદ્-જીવન જીવવાનો સાચો માર્ગ કયો છે ? તે આ ઇશની જ્યોતનો પ્રકાશ એટલે કે જ્યોતિષશાસ્ત્રના જ્ઞાન દ્વારા જ જાણવા મળી શકે છે.


## ❋ માનદ્ અધ્યાપકો ❋

શ્રી અશોકભાઈ ચૌહાણ   શ્રીમતી બીનાબેન જોષી   શ્રીમતી કુંદનબેન દેસાઇ
શ્રીમતી જયશ્રીબેન શુક્લ   શ્રીમતી વાસંતીબેન ભદ્રા   કુ. ઝંખના દવે

## ❋ વ્યવસ્થાપન સમિતિ ❋

શ્રી મુકેશભાઇ મહેતા   શ્રી વિપુલભાઇ શાહ   શ્રી શર્વીલભાઇ વૈદ્ય

# અમારા માનવંતા મહેમાન



Mukundrai Bhuta

**Mr. Mukundrai Vithaldas Bhuta** born at Rajula village, Bhavnagar, Gujarat. After his school studies, he ventured to Mumbai with his family.

He cherished for 30 years electricals accessories in the name of 'M/s. Neelesh Electricals'. Mr. Mukundrai Bhuta born on 28th June 1931, married to Mrs. Manjula Bhuta having 2 children, daughter Sudha & son Nilesh.

Mr. Nilesh Bhuta completed his graduation & with blessing & full support of his father Mr. Mukundrai, started small company 'M/s. Manali Chemicals'. With good guidance, principles & honest policy of Mr. Mukundrai Bhuta, this family business now expanded their Import & Export business with several countries.

Mr. Mukundrai Bhuta later found 'Manali Foundation' as Charitable Trust during the year 2008. Manali Foundation is registered under 80-G with his family members Mr. Nilesh Bhuta, his daughter-in-law Mrs. Dipti Bhuta & his Grandson Mr. Paritosh Bhuta for the welfare & supporting to the educational need of brilliant & needy students, Medical help as well as helping few needy families.

Mr. Mukundrai Bhuta at the age of 80 yrs, still active & performing above duties to the society with all goods wishes & best efforts.

---



**શ્રીમતી સ્મિતાબેન આર. પાટકર** અનાવીલ બ્રાહ્મણ કુટુંબમાંથી આવેલ છે, એમણે એમ.એ. તથા એમ.ઈડી. કરેલ છે. તેમના જીવનનો મુદ્રાલેખ છે કે શાળા એ મંદિર છે તથા શિક્ષણ આપવું એ પુજા-આરાધના છે, તેઓ લગભગ ૧૮ વર્ષ સુધી શિક્ષીકા તરીકે સેવા આપી ચુકયા છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી એમને આગળ વધતા જોઈ ગર્વ અનુંભવે છે, એમનું જીવન ધ્યેય છે કે દેશનું દરેક બાળક-બાલીકા શિક્ષીત હોય, શિક્ષણ નો પ્રકાશ સર્વત્ર ફેલાય, શિક્ષા ક્ષેત્રે ૧૮ વર્ષની સેવા આપ્યા બાદ તેઓ સરકારના એજ્યુકેશન ઈન્સ્પેકટર (શિક્ષણ ક્ષેત્રે તપાસ કર્તા) તરીકે ૬ વર્ષ સેવા આપી, આ દરમ્યાન તેઓને વિદ્યાર્થીઓની સમસ્યાઓનો સારો એવો અનુભવ થયો અને તેમની ઉત્કૃષ્ઠ સેવા તથા અનુભવને કારણે સરકાર દ્વારા મોટી જવાબદારી આપવામાં આવી જે (શિક્ષણ વ્યવસ્થા) એજ્યુકેશન સુપરીટેન્ડટ તરીકે ની તી અહીં તેમણે પોતાની કાર્ય સાધકતા, કાર્ય સમતા, સમર્થતાનો ઉત્કૃષ્ઠ પરીચય આપ્યાબાદ નિવૃત્ત થયા, પરંતુ બીજા લોકોની જેમ નિવૃત્તિ બાદ શાંત બેસવું એમના સ્વભાવમાં ન હોવાને કારણે ફરી શિક્ષણ ક્ષેત્રમાં સેવા માટે બોરિવલી ની બન્ને તરફ રહેલી જયાબેન ખોત હાઈસ્કુલ ખાતે એજ્યુકેશન ડિરેક્ટર તરીકે ની સેવા માં પ્રવૃત્ત થઈ ગયા, તે ઉપરાંત તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના મહીલા વિભાગમાં કાર્યરત રહે છે, તે ઉપરાંત તેઓ કુમારીકાઓ તથા યુવતીઓના સુધારા, પ્રગતી, શિક્ષણના લાભાર્થે કાર્ય કરનારી સંસ્થાના પ્રમુખ પદની જવાબદારી પણ સંભાળે છે, વૈદિક જ્યોતિષ સંસ્થા તેમની આ સેવા મય સફરમાં હમેંશા આગળ વધવાની શુભેચ્છા આપે છે અને ઈશ્વર તેમને આ કાર્યમાં હંમેશા આગળ વધવાની શક્તિ પ્રદાન કરે છે અને આપણી સંસ્થાના ગુરુ પૂર્ણિમા સમારોહ ના માનવંતા મહેમાન બનવા નું આમંત્રણ સ્વિકારવા બદલ આભાર વ્યકત કરે છે.



**નિકુંજ શેઠ**

### પરિશ્રમ કરીને જે પ્રભુને અર્પણ કરી દે છે
### ખરેખર ધૂળમાંથી રત્ન પેદા કરી દે છે.

૧૧ વર્ષ પહેલા અંગ્રેજી ભાષાના પ્રવાહની વિરુદ્ધ દિશામાં માતૃભાષા ગુજરાતીને જીવતી રાખવાનો પરિશ્રમ અમે શરૂ કર્યો. પરંતુ પરિશ્રમ અમે પ્રભુને અર્પણ કરવાની ભાવનાથી શરૂ કર્યો. નિઃસ્વાર્થ, નિશુલ્કભાવે અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભણાવવાનું શુરૂ કર્યુ.

આજે ૧૨૦ નિઃસ્વાર્થી બહેનો, ભાઈઓ, બાળશિક્ષકો અને ૨૫ વર્ગ રૂપી રત્ન પેદા થઈ ગયું છે. આજે દરેક વર્તમાન પત્રોએ ગુજરાતીને જીવતી રાખવાની વાતને ગંભીરતાથી લીધી છે. અમને દરેક વર્તમાન પત્રોનો સહકાર પણ છે.

જગતમાં દરેક પ્રગતિશીલ દેશો પોતાની માતૃભાષામાં ભણીને જ પ્રગતિને પામ્યા છે. તો ભારતમાં અને ગુજરાતીમાં અંગ્રેજીનું ગાંડપણ શા માટે છે ? ઈ.સ. ૧૮૩૫માં ટી. બી. મેકેલો નામના અંગ્રેજે અંગ્રેજી ભાષામાં ભણવું ગૌરવશાળી છે આ વિચાર ઘુસાડ્યો. તેણે તેના પિતાને પત્ર લખ્યો હતો કે ભારતમાં અંગ્રેજી માધ્યમમાં ભણવાથી એક પણ હિન્દુ સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો નથી. આમ ખ્રિસ્તી બનાવ્યા વિના જ આપણી વિચારશીલતાને અપનાવતો થશે. આ પત્રની નકલ મારી પાસે છે.

આજે ૧૫૦ વર્ષ પછી આ વાત કેટલી સત્ય લાગે છે. બાળક માતૃભાષા છોડે છે. એટલે માતૃભૂમિ સરળતાથી છોડવા તૈયાર થાય છે. અને અંતે પોતાની મા ને છોડી દે છે. જેવી રીતે કોઈ એક વાર ચોરી કરે તો બીજી ત્રીજી વાર સરળતાથી કરે છે.

તેમ જે માતૃભાષારૂપી એક મા ને છોડે છે તે બીજ બે મા - માતૃભૂમિ અને સગી મા ને સરળતાથી છોડે છે. જે 'મા'એ પોતાની યુવાનીના ૨૦-૨૦ વર્ષ છોકરાના શિક્ષણ પાછળ ખર્ચી નાખ્યા તે મા જ્યારે બિમાર પડે છે કે મૃત્યુ પામે છે, ત્યારે છોકરાને ફુરસદ નથી વિદેશથી ભારત આવવાની. માટે બાળકોના માતા-પિતા જાગી જાવ. સારૂ ધાર્મિક અને શાશ્વત સુખ વાળુ જીવન જીવવું હશે તો ગુજરાતી માતૃભાષા ભણવી જ પડશે.

દરેક મા-બાપે એક મોટી ભ્રાંતિમાથી બાહર આવવાનું છે કે અંગ્રેજી માધ્યમમાં ભણવાથી જ બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે, ના. બાળકને સારા સંસ્કાર મળવાથી તેનો સર્વાંગી વિકાસ થાય છે. સારા સંસ્કાર મા અને માતૃભાષા જ આપી શકે છે.

અમે ૨૫ ગુજરાતી વર્ગોમાં માતૃભાષા શીખવી, ગુજરાતી પંચતંત્ર, હિતોપદેશ, ભક્તચરિત્રની વાર્તાઓ દ્વારા બાળકમાં સદ્‌ગુણ સિંચન કરવાની કોશિશ કરીએ છીએ. કવિતા દ્વારા મીઠાશ, રમત દ્વારા જીવનમાં આગળ નીકળવાની વૃત્તિ અને ધ્યાન દ્વારા ભણેલું સરળતાથી યાદ રાખી શકે તેવી પધ્ધતિ શીખવીએ છીએ.

**કદમ અસ્થિર હો તેને કદી રસ્તો નથી જડતો**
**અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો**

અમે ૧૨૫ શિક્ષકો અડગ મનના મુસાફર છીએ અને જીંદગીની છેલ્લી ઘડી સુધી ગુજરાતીને ટકાવવાના પૂરા પ્રયાસો કરીશું. દરેકે ૩ થી ૪ બાળકોને પોતાના ઘરે ગુજરાતી શીખવી પ્રભુકાર્ય કરવું જોઈએ. મને ખાત્રી છે જો આ સંકલ્પ લોકો કરશે તો આપણી માતૃભાષા જરૂર જીવતી રહેશે.

---



કું.ગીતાબેન કાન્તિલાલ ગાંધી બી.એ. સંસ્કૃત પ્રથમ વર્ગ (ગુજ. યુનિવર્સીટીમાં દ્વિતીય) ગુજરાત યુનિવર્સીટી માર્ચ ૧૯૭૦ નેશનલ સ્કોલરશીપની પ્રાપ્તિ, એમ.એ. સંસ્કૃત પ્રથમ વર્ગ (ગુજ. યુનિવર્સીટીમાં પ્રથમ), ગુજરાત યુનિવર્સીટી માર્ચ ૧૯૭૨ બે સુવર્ણ ચંદ્રકની પ્રાપ્તિ (૧) સંસ્કૃત વિષયમાં યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન માટે (૨) લેંગ્વેજ ગ્રુપ માં યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન માટે, સંસ્કૃત વિષયમાં અધ્યાપિકા ૧૯૭૩ થી શ્રીમતી સી.સી. મહિલા આર્ટસ્ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગર, સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક અધ્યાપિકા ૧૯૭૭થી ઉપરોક્ત કોલેજમાં ૨૦૦૫ થી ૨૦૦૭ સુધી ઈન્ચાર્જ પ્રિન્સીપાલ. કોલેજમાં સંસ્કૃત ભાષાના નાટકો તથા એકપાત્રીય અભિનયનું દિગ્દર્શનમાં યુનિવર્સીટી કક્ષાએ પ્રથમ સ્થાન. સંસ્કૃત શિક્ષણની અર્વાચીન પદ્ધતિ ક્લિષ્ટ અને લગભગ બોધરહિત ગોખણ પટ્ટીવાળી છે, પરંતુ પ્રાચીન પરંપરાની પદ્ધતિ સંપૂર્ણતઃ બુદ્ધિગમ્ય અને તાર્કિક છે. આ માન્યતાના પ્રબળ સમર્થક હોવાને નાતે તેઓ પ્રાચીન પાણિનીય પરંપરાગત પદ્ધતિ દ્વારા સંસ્કૃતને ભાષા નહીં પરંતુ સંસ્કૃતને શાસ્ત્રનું માનવંતું સ્થાન પાછુ પ્રદાન કરાવવાના મહાયજ્ઞનો ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે. આજે પણ તેઓ પ્રાચીન પાણિનીય પરંપરાગત પદ્ધતિ દ્વારા સંસ્કૃત શિખવાની ઈચ્છા ધરાવનારા લોકોને નિ:શુલ્ક અધ્યયન કરાવે છે. આપણી સંસ્થાના ગુરુ પૂર્ણિમા સમારોહના માનવંતા મહેમાન બનવાનું આમંત્રણ સ્વિકારવા બદલ આભાર વ્યક્ત કરે છે.

# VEDIC JYOTISH SANSTHAN



**Ashokbhai Chauhan**
President
(Jyotishalankar)
Hon. Trustee



**Bina Joshi**
Principal
(Jyotishalankar)
Hon. Trustee



**Kundanben**
Hon. Vice Principal
(Jyotishalankar)



**Jayshree Shukla**
Hon. Lecturer



**Vasanti Bhadra**
Hon. Proxy Lecturer



**Zankhana Dave**
Hon. Proxy Lecturer


**બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ**
**દ્વંદાતીતં ગગનસદૃશં તત્વમસ્યાદિલક્ષ્યમ્ ।**
**એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષીભૂતં**
**ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ ।।**

ઉપરોક્ત શ્લોકમાં સદ્ગુરુની સ્તુતિ કરવામાં આવી છે. જે આપણા જીવનના મુખ્ય ધ્યેય સુધી એટલે કે ઈશ્વરપ્રાપ્તિ કે આત્મતત્વના બોધનું જ્ઞાન કરાવે તેવા સદ્ગુરુને મારા પ્રણામ છે. ગુરુની શક્તિ જુદી જુદી હોય છે અને તેમના પ્રકાર પણ ઘણા હોય છે. પરંતુ જેનાથી જીવનને બળ મળે, પ્રકાશ સાંપડે અને આગળ વધવામાં મદદ મળે તેને ગુરુ માનીને તેની યથાશક્તિ સેવા કરવામાં કશો જ દોષ નથી, ગુરુ જ્ઞાન અને વિવેકના દાતા છે. વળી તે દેશ અને દુનિયાની સંસ્કૃતિના સંરક્ષક છે. જ્યારે ચારે તરફ અંધકાર ફરી વળે છે, અન્યાય તેમજ અધર્મના આચરણ ફેલાઈ જાય છે ત્યારે ગુરુ જ જ્યોતિર્ધર બને છે ને પ્રેરણા તથા પ્રકાશ આપી અન્યાય, અધર્મ ને અંધકારને દૂર કરવાનું બળ આપે છે. વ્યક્તિ અને સમષ્ટિના પથદર્શક બને છે. ગુરૂ શબ્દનો અર્થ છે જ્ઞાનના પ્રકાશથી જીવનના અંધકારને દૂર કરનાર, સદ્ગુરુ મળવા એ ઈશ્વરની સૌથી મોટી કૃપા છે. આજના ગુરુપૂર્ણિમાના પાવન દિને આપણે આપણા ગુરુવર્યનું સ્મરણ કરી તેમને વંદન કરીએ. જેમણે આપણને આ દિવ્યવિદ્યા તરફ દોર્યા અને માર્ગદર્શન આપ્યું. દરેક વ્યક્તિ એટલી સદ્ભાગી નથી હોતી કે તેને સદ્ગુરુ મળે. તો તેવી વ્યક્તિઓ ઈશ્વર પર વિશ્વાસ રાખી, શ્રી કૃષ્ણએ 'ગીતા'માં કહ્યાપ્રમાણે પ્રભુ શ્રી કૃષ્ણને ગુરુ તરીકે સ્થાપી તેમના માર્ગદર્શનથી જીવનનાવ યોગ્ય રીતે હંકારી પ્રભુ સુધી પહોંચી શકે છે. પ્રભુ પરની અતૂટ શ્રધ્ધા અને ભક્તિ જ તેમના સુધી પહોંચાડે છે અને મનુષ્યમાં આ શ્રધ્ધા અને ભક્તિરૂપી દીવો પ્રગટાવવાનું કાર્ય સદ્ગુરુ કરે છે.


**બીના જોશી**
આચાર્યા અને ટ્રસ્ટી
વેદિક જ્યોતિષ સંસ્થાન

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - BORIVLI - SATURDAY


Anil Maniar



Anjali C. Goradia


Arvind S. Makwana


Bharat B. Bhatt


Bhavina P. Patel


Chetna D. Kapadia



Deepak N. Sampat



Deepti Naithani


Hansha Karia


Harsha J. Prajapati



Heena B. Vasani


Jagish H. Bhatt


Jayesh V. Parikh


Jayshree J. Gadani


Jayshri R. Panchal


Kantilal G. Rathod


શિષ્યના જ્ઞાન પર ફક્ત સહી કરવાનું કામ જ ગુરૂનું છે. બાકી બધો આધાર શિષ્ય પર છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - BORIVLI - SATURDAY


Kishor Nagada


Lalajibhai V. Malavaya


Madhubhai C. Patel



Mahendra P. Parmar


Mira K. Thakkar


Mukesh H. Joshi



Nayna A. Chauhan


Pallavika A. Mehta


Prafulchandra A. Shah



Priti Abhani


Purnima B. Parikh


Rajnikant D. Merchant


Rakesh B. Suru


Reakha S. Rathod



Rohit R. Shah


Shadhana Master

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - BORIVLI - SATURDAY


Sumit U. Pathak


Sunilkumar S. Kestwal


Vatshala Doshi



## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MALAD - SUNDAY


Amit D. Tarsariya


Arvind T. Soni


Bhavin Limbachiya


Chetan R. Chikani


Chirag P. Gandhi


Deepti Teli



Heena Bhatia


Heena R. Mistry


Jayesh B. Joshi


Jayesh C. Desai


Jignesh Chandarana


Jignesh Gadani

સુંદર ઘરથી સ્વર્ગ દૂર નથી.

# VEDIC JYOTISH SANSTHAN


## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MALAD - SUNDAY


Kalpana S. Surve



Keyuri Desai



Kishor S. Karia


Komal V. Shah



Mahendra Panchal


Manisha R. Parikh


Mayur P. Vora


Mehul S. Joshi


Minaxi B. Bhatt


Mukesh N. Ajmera


Nayana J. Chandarana


Nilesh R. Gandhai


Neena P. Mehta


Niyati A. Safi


Parashar Mehta


Praful R. Thar

# VEDIC JYOTISH SANSTHAN


## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MALAD - SUNDAY



Puja D. Parmer



Rahul B. Suru



Rahul K. Mistry


Rajesh S. Mistri


Ranchhodbhai G. Siddhpura


Rasmikant K. Aashani


Ravindra Trivedi


Rinkesh H. Chheda



Rita N. Shah


Sanjiv V. Shah


Sunita R. Sinha


Suryakumar Mishra


Sunanda J. Shah




# VEDIC JYOTISH SANSTHAN


## OUR ARDENT STUDENTS - FIRST YEAR - BORIVLI - MONDAY


Amish V. Varia


Arvind N. Shah


Bharat R. Joshi


Bijal V. Shah


Chandrakant K. Purohit



Deepak M. Modi


Dipti J. Rajani


Jalpa Raval



Jaya R. Shah


Jaydev K. Joshi


Jitesh M. Parekh


Jitendra H. Rajani


Kavita R. Makwana


Kedar P. Bhatt


Kishan Zaveri


Mahesh B. Patel


# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - BORIVLI - MONDAY



Manish Shah



Meena V. Jagad


Minaxi S. Gala


Prakash Vasani


Pramod M. Zaveri



Pratik R. Patel


Pritesh D. Jani



Rahul M. Dave



Rajesh M. Karani



Rajesh R. Trivedi



Sangeeta R. Pandya


Shobhana Y. Lathia


Sukesh S. Shah


Teajash Brahmabhatt



Vijay P. Jagad



Yashvant J. Upadhyay

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - MALAD - SUNDAY


Anuja S. Singhvi


Harilal V. Malde



Hasmukhlal R Kansadia


Hiren Bhavashar


Jyoti Malde


Kishor V. Joshi


Kulvant Y. Desai


Manish S. Joshi


Nikita G. Jain


Nita S. Panchal


Sadhana D. Panchal


Vasanta G. Sagar



Yogan B. Thakar


Umesh K. Bhatt

સંપૂર્ણ ત્યાગ અને ઈશ્વર પર પૂર્ણ વિશ્વાસ જ દરેક ચમત્કારનું રહસ્ય છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - BORIVLI - SATURDAY



Balvant I. Rathod


Bharatkumar J. Mehta



Dipti M. Thakkar


Geeta Mehta


Hemant H. Joshi


Jayesh C. Tank


Jyoti N. Soni


Lalit V. Padaya



Lata J. Tank


Meghna D. Shah


Parul P. Pareakh



Pinarka R. Mistri


Seajal P. Tailor


Tejash M. Shah


Vasantrai D. Pareakh

## OUR ARDENT STUDENTS - THIRD YEAR - MALAD - SUNDAY




Sharvil P. Vaidya




Vasanti S. Bhadra



Zankhana K. Dave




Prakash N. Dave



## WELL WISHERS




Ashwin Joshi



Apurva R. Parekh
Graphic Designer




Bhairavi Desai




Hitendra Shah



Kamlesh Gandhi




Mukesh Mehta



Vipul Shah

# • શ્રદ્ધાંજલિ •



**હરિષભાઈ ઠક્કર**
(મોક્ષ: ૨૩-૧૦-૨૦૧૦)

વૈદિક જ્યોતિષ સંસ્થાના કારોબારી સભ્યો

**સ્વ. શ્રી હરિષભાઈ ઠક્કરને**

ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પ્રભુ તેમના આત્માને શાંતી બક્ષે એજ અભ્યર્થના.

## સૂર્યના બાર નામો તથા મંત્ર

| અનુક્રમ | નામ | બીજમંત્ર | મંત્ર |
|---|---|---|---|
| ૧ | મિત્ર | હ્રામ્ | ૐ મિત્રાય નમ : |
| ૨ | રવિ | હ્રીમ્ | ૐ રવયે નમ : |
| ૩ | સૂર્ય | હ્રુમ્ | ૐ સૂર્યાય નમ : |
| ૪ | ભાનુ | હ્રૈમ્ | ૐ ભાનવે નમ : |
| ૫ | ખગ | હ્રૌમ્ | ૐ ખગાય નમ : |
| ૬ | પૂશન | હ્ર : | ૐ પુષ્ણે નમ : |
| ૭ | હિરણ્યગર્ભ | હ્રામ્ | ૐ હિરણ્યગર્ભાય નમ : |
| ૮ | મરિચિ | હ્રીમ્ | ૐ મરિચયે નમ : |
| ૯ | આદિત્ય | હ્રુમ્ | ૐ આદિત્યાય નમ : |
| ૧૦ | સવિત્રુ | હ્રૈમ્ | ૐ સવિત્રે નમ : |
| ૧૧ | અર્ક | હ્રૌમ્ | ૐ અર્કાય નમ : |
| ૧૨ | ભાસ્કર | હ્ર : | ૐ ભાસ્કરાય નમ : |

VEDIC JYOTISH SANSTHAN

# વૈદિક જ્યોતિષ સંસ્થાન

રજી. પત્રવ્યવહારનું સરનામું :
ક્રિષ્ણા કલેક્શન, ૧૭૫/૪૩ ડી, સેક્ટર ૧, ચારકોપ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
મોબાઈલ : ૯૩૨૨૨૬૧૭૦૯ / ૯૬૧૯૫૦૬૮૯૬ • ઈમેલ : vjtvv1@gmail.com

---

## જ્યોતિષના નિ:શુલ્ક વર્ગો

**ગુજરાતી માધ્યમમાં હસ્તરેખા, જ્યોતિષ, વાસ્તુ અને સ્વરજ્ઞાનના વર્ગોમાં પ્રવેશ**
**જાન્યુઆરી થી બોરીવલી અને મલાડ ખાતે**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક જ્યોતિષ પ્રવેશ.**

૨. દ્વિતીય વર્ષ- **વૈદિક જ્યોતિભૂષણ.**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક વાસ્તુપ્રવેશ**

૧. **વૈદિક સ્વરજ્ઞાતા**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક હસ્તરેખા વિજ્ઞાતા**

૩. તૃતિય વર્ષ- **વૈદિક જ્યોતિષમાર્તંડ**

૨. દ્વિતીય વર્ષ- **વૈદિક વાસ્તુભૂષણ**

૪. ચતુર્થ વર્ષ- **સ્વાધ્યાય**

**નોંધ :**
**ભાષાનું જ્ઞાન ધરાવતા કોઈ પણ ઉંમરના ભાઈઓ તથા બહેનો પ્રવેશ મેળવી શકે છે.**

શાસ્ત્રમાં જ્ઞાન દાનને શ્રેષ્ઠ દાન કહેવાયું છે જે આ સંસ્થાનું એકમાત્ર ધ્યેય છે.

જે બીજાનાં કામની ચિંતા નથી કરતો તે આરામ અને શાંતિ મેળવે છે.

# (ॐ) મંગલા ચરણ (ॐ)

## ॥ શ્રવણના આરંભનું મંગલાચરણ ॥

ॐ सत्यं ज्ञानमनंतं यन्निष्कलं निष्क्रियं परम् ।
अद्वितीयं निर्विशेषं ब्रह्म तत्समुपास्महे ॥१॥

જે સ્તયરૂપ, જ્ઞાનરૂપ, અનંત, પ્રાણાદિ લ્કલાઓથી રહિત, ક્રિયાથી રહિત, માયાથી રહિત, સૂક્ષ્મને વ્યાપક, દ્વૈતથી રહિત, અને નામાદિ વિશેષથી રહિત બ્રહ્મ છે તેનું અમે સારી રીતે ધ્યાન કરીએ છીએ. (૧)

शंकरं शंकाराचार्य केशवं बादरायणम् ।
सूत्रभाष्य कृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥२॥

વિષ્ણુરૂપ ભગવાન વ્યાસ અને મહેશ્વરરૂપ શ્રી શંકરાચાર્ય જેઓ બ્રહ્મસૂત્રના ને શારીરિક ભાષ્યના કર્તા છે તે બંને ઐશ્વર્યાદિવાળાઓને હું વારંવાર નમું છું. (૨)

अज्ञान तिमिरांधस्य ज्ञानांजनशलाक्या।
चक्षुरुमीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥३॥

અજ્ઞાનરૂપ અંધારાવડે આંધળા થયેલાની અંતઃકરણરૂપ આંખો જેમણે જ્ઞાનરૂપ આંજણની સળીવડે ઊઘાડી તે શ્રીગુરૂને મારા પ્રણામ હો. (૩)

ब्रह्मामानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्ति,
द्वंदातितं गगनसदृश्यं तत्त्वमस्यादिलक्ष्यम् ।
ऐकं नित्यं विमलचलं सर्वधीसाक्षीभूतं,
भावातीतं त्रिगुणरहितं सद्गुरुंतं नमामि ॥४॥

જે બ્રહ્મરૂપ આનંદવાળા, શિષ્યોને પરમ સુખ આપનારા, અવિધાથી રહિત, જ્ઞાનરૂપ, સર્વદ્વંદ્વોથી પર, આકાશના જેવા નિર્લેપ, તે તું છે. ઈત્યાદિ મહાવાક્યોના લક્ષ્યાર્થરૂપ, એક ત્રનૈ કાલમાં રહેનારા, સર્વપ્રકારના મેલથી રહિત, ચલાયમાનપણાથી રહિત, સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષિરૂપ, છ પ્રકારના ભાવવિકારોથી પર ને ત્રણ ગુણોથી રહિત છે તે સદ્ગુરૂનેં નમું છું. (૪)

સૌજન્ય આનંદાશ્રમ મુમુક્ષુ મંડલ ટ્રસ્ટ

# સમાપ્તિ મંગલા ચરણ

## ॥ શ્રવણની સમાપ્તિનું મંગલાચરણ ॥

नमस्ते सते ते जगत्कारणाय, नमस्ते चिते सर्वलोकाश्रयाय ।
नमोद्वैततत्त्वाय मुक्तिप्रदाय, नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ॥१॥

સત્યરૂપ આપને પ્રણામ, જગત્‌ના કારણરૂપ આપને પ્રણામ, જ્ઞાનસ્વરૂપ અને સર્વ લોકના આશ્રયરૂપ એવા આપને પ્રણામ, અદ્વૈતતત્વરૂપને મોક્ષ આપનારને પ્રણામ, વ્યાપક અને શાશ્વત બ્રહ્મને પ્રણામ. (૧)

त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं, त्वमेकं जगत्पालकं स्वप्रकाशम् ।
त्वमेकंजगत्कर्तृपार्तृप्रहर्तृ, त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ॥२॥

એક આપ શરણ ગ્રહણ કરવા યોગ્ય છો, એક આપ શ્રેષ્ઠ છો, એક આપ સંસારના પાલનારા ને સ્વયંપ્રકાશ છો, એક આપ માયાથી પર, અચલ ને સર્વ વિકલ્પોથી રહિત છો. (૨)

भयानां भयं भीषणं भीषणानाम्, गतिः प्राणानां पावनं पावनानाम्।
णहोच्चैः पदानां नियन्तृ त्वमेकं, परेषां परं रक्षणं रक्षणानाम् ॥३॥

ભય ઉપજાવનારાઓના ભયરૂપ, ભયંકરોના બચકરરૂપ, સર્વ પ્રાણીઓની ગતિરૂપ, પવિત્ર કરનારાઓને પવિત્ર કરનાર, એક આપ ઘણા ઉચ્ચ પદોમાં રહેલાઓને નિયમમાં રાખનારા, આકાશાદિ પર રહેલાથી પર રહેલા, ને રક્ષણ કરનારાઓનું રક્ષણ કરનારા છો. (૩)

श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् ।
नमामि भगवत्पादं शंकरं लोकशंकरम् ॥४॥

શ્રુતિ સ્મૃતિને પુરાણોના રરૂપને ને દયાના પણ ઘરરૂપ તથા લોકોનું કલ્યાણ કરનારા ને જેમના ચરણમાં ઐશ્વર્યાદિ રહ્યા છે એવા શ્રી શંકરાચાર્યને હું નમું છું. (૪)

સૌજન્ય આનંદાશ્રમ મુમુક્ષુ મંડલ ટ્રસ્ટ

## ગુરુ પુર્ણિમાં ૨૦૧૧ ના શુભ અવસરે

## કુંડલી મેળાપક પર તથા નાડી પર એક વિચાર.......

શાસ્ત્રકારોએ કુંડળી મેળાપક માટે આઠ બાબતોને ધ્યાનમાં રાખી નિયમો બનાવ્યા હતા, તેના દ્વારા મેળાપક કરવામા આવતો હતો, આ નિયમો તે સમય પ્રમાણે ખુબજ વ્યાપક પ્રમાણમાં વપરાતા હતા, અને તે સચોટ પણ હતા, પરંતુ આજના આધુનિક સમયમાં આ પૌરાણિક નિયમો માં ઘણી જગ્યાએ વિસંગતી ઓ જોવા મળે છે, કારણ આજના વર્તમાન યુગમાં આપણે આપણી જીવન શૈલીમાં ઘરમૂળ પરિર્વતનો અપનાવી લીધા છે, આપણે ભૌતિકતાનો માર્ગ અપનાવી લીધો હોવાને કારણે લગ્નસંસ્થાના મૂળભુત સિધ્ધાંતો તથા મુલ્યો પણ બદલાઇ ગયા હોવાને કારણે શાસ્ત્રકારોએ રચેલા મૂળભુત સિધ્ધાંતો માં થોડા બદલાવ પર ચર્ચા કરીએ....

૧. વર્ણ :- અહી બન્ને જાતકોની કાર્યક્ષમતા જોવામાં આવે છે, જાતકનો સ્વભાવ, પ્રભાવ,પ્રકૃતિ તથા તત્વોને આવરી બાર રાશિઓને ચાર તત્વોમાં વિભાજીત કરી લેવામાં આવી છે, અગ્નિમાં (૧,૫,૯), પૃથ્વિમાં (૨,૬,૧૦), વાયુમાં (૩,૭,૧૧) તથા જળમાં (૪,૮,૧૨) રાશિઓ સમાવવામાં આવી છે, જો અહીથી આટલી બાબતોનો વિચાર કરવાનો હોય તો એક(૧) જ ગુણ ગણાવામાં આવે છે જે ચાર (૪) રાખવા જોઇએ.

૨. વશ્ય :- અહીથી જાતકોની પસંદગી તથા જીવનમાં અગ્રતા (પ્રાયોરિટી)નો વિચાર કરમાં આવે છે જે પણ મહત્વપૂર્ણ બાબત છે, અહી રાશિઓને પાંચ વિભાગોમાં વહેંચી દેવામાં આવી છે, જેમકે.......

ચતુષ્પાદ માં :- મેષ, વૃષભ, ધનનો ઉત્તરાર્ધ તથા મકરનો પૂર્વાર્ધ.

માનવ માં :- મિથુન, કન્યા, તુલા, ધનનો પૂર્વાર્ધ તથા કુંભ.

જલચર માં :- કર્ક તથા મીન.

વનચર માં :- સિંહ.

કીટ માં :- વૃશ્ચિક.

આ પ્રમાણે બન્ને જાતકોને કેવા પ્રકારનું વાતાવણ અને કાર્ય પ્રણાલી ફાવે છે તેની સમજ મળે છે, વનચર વાળા પશુની જેમ અથવા યત્રંની જેમ મહેનત કરી શકનારા તથા તે પ્રમાણે જીવન વીતાવનારા છે. જલચરવાળા ઓને જીવનમાં સમુદ્રમાં આવતી ભરતી તથા ઓટ જેવું અસ્થિરતા અને અશાંતીનો અનુભવ મળે છે. કીટવાળા દુ:ખી તથા નાની નાની બાબતો માં ગુસ્સો કરનારા જોવા મળે છે. માનવ વાળા ખરા અર્થમાં મનુષ્ય જીવન જીવે છે. અહી શાસ્ત્રકારોએ ફક્ત બે (૨) ગુણ રાખ્યા છે જે સાત (૭) હોવા જોઇએ.

૩. તારા :- અહી બન્ને જાતકોના નક્ષત્ર એક બીજા થી કેટલામું આવે છે એ જોવાનું હોય છે, એક બીજા થી ૩,૫,૭,૧૨,૧૪,૧૬,૨૧,૨૩ તથા ૨૫ મું નક્ષત્ર આવે તો તારાનું ફળ સારુ નથી, અહી વરના નક્ષત્રથી વધૂનું નક્ષત્ર કેટલામું તથા વધૂ ના નક્ષત્રથી વરનું નક્ષત્ર કેટલામું આવે ત ગણીને ફળ કાઢવામાં આવે છે. અહી બન્ને જાતકોના નક્ષત્રના માલિકો વચ્ચેના સંબધો પણ જોવા જોઇએ જેમકે મિત્રો હોતા ખુબજ સારુ, સમ હોતા સામાન્ય અને શત્રુ હોતા બન્ને વચ્ચે અણ બનાવ ના પ્રસંગો બને છે માટે અહી તારાના ગુણ ત્રણ (૩) ને બદલે પાંચ (૫) હોવા જોઇએ.

૪. યોનિ :- અહી શાસ્ત્રકારોએ બન્ને જાતકોની વચ્ચે શારિરીક સંબધ બાંધવાની ક્ષમતા તથા રીત જોવામાં આવે છે, જાતિય સંબધ દરમ્યાન ના પ્રકૃતિ તથા ગુણ દ્વારા બન્ને જાતકોના જાતિય જીવનને સુખી તથા આનંદમય બનાવી સકાય છે, સાથે સાથે આબાબતો ક્ષણિક આવેગો પુરતી હોવાને કારણે અહી જે ચાર (૪) ગુણ છે તે બે (૨) હોય તો પણ વાંધો ન આવે .

અહી નક્ષત્રો પ્રમાણે વિવિધ પ્રાણી ઓનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. જેમ કે અશ્વિની, શતભિષા (અશ્વ), ભરણી, રેવતી (ગજ), કૃતિકા, પુષ્ય (મેષ), રોહીણી, મૃગશીર્ષ (સર્પ), આદ્રા, મૂળ (શ્વાન), પૂર્નવસુ, આશ્લેષા (માંજર), મઘા, પૂ.ફા.(મુષક), ઉ.ફા., ઉ.ભા.(ગૌ), હસ્ત, સ્વાતિ(મહિષ), ચિત્રા, વિશાખા(વ્યાઘ્ર), અનુંરાધા, જયેષ્ઠા(મૃગ), પૂ.ષા., શ્રવણ(વાનર), ઉ.ષા. (નકુલ), ધનિષ્ઠા, પૂ.ભા (સિંહ).

૫. ગ્રહ મૈત્રી :- ઉપર આપણે રાશિઓના હીશાબે જોયું હવે બન્નેના ગ્રહો વચ્ચે બનતા સંબધ જોઇશુ, જેમકે સમ-મિત્ર, મિત્ર-મિત્ર, સમ-શત્રુ, શત્રુ-સત્રુ, સમ-સમ, આ પ્રકારના સંબધો ગ્રહો એક બીજા થી કેટલા અંતરે બેઠા છે તે દ્વારા નક્કિ થાય છે. આપણા જીવનમાં ગ્રહો ખુબજ મોટો ભાગ ભજવતા હોય છે બન્ને જાતકો વચ્ચે ના સંબધો કેવા રહેશે તે દર્શાવે છે માટે અહી પાંચ (૫) ને બદલે છ (૬) ગુણ રાખવા જોઇએ .

૬. ગણ :- અહી બન્ને જાતકોની માનસિક અવસ્થા કેવા પ્રકારની હશે તે જોવામાં આવે છે, નક્ષત્રોને ત્રણ પ્રકારે વિભાજીત કરવામાં આવે છે. જે દેવ, મનુષ્ય તથા રાક્ષસ અહી જાતક કેટલો સાત્વિક, સમાધાન કારી કે રાજસી-જિદ્દિ છે તે જોવાય છે.

દેવ ગણ માં :- અશ્વિની, મૃગશીર્ષ, પુર્નવસુ, પુષ્ય, હસ્ત, સ્વાતિ, અનુરાધા,શ્રવણ તથા રેવતી દેવ ગણ માં સમાય છે આલોકો વિશાળ હ્રદયી આદર્શ વાળા સત્વ ગુણી તથા અહંકાર રહીત હોય છે.

મનુષ્ય ગણ :- ભરણી, રોહીણી, આદ્રા, પૂ.ફા., ઉ.ફા.,પૂ.ષા., ઉ.ષા.,પૂ.ભા. તથા ઉ.ભા મનુષ્ય ગણ માં સમાય છે, આ લોકો રજોગુણી છે તથા પોતાની તાકાત સીમિત હોતા જે તરફ બળાબળ હશે તે તરફ ઢળી જઇ પોતાના કાર્યો પાર પાડે છે, સમાધાન કારી વલણ રાખે છે.

રાક્ષસ ગણ માં :- કૃતિકા, આશ્લેષા,મઘા, ચિત્રા, વિશાખા, જયેષ્ઠા, મૂળ, ધનિષ્ઠા તથા શતતારકા રાક્ષસ ગણ માં સમાય છે. આલોકો સામેના પાત્ર પાસે થી દરેક બાબતમાં પોતાની મરજી મુજબનું વર્તન ઇચ્છતા હોય છે જે ન થતા સંયમ પર કાબુ ગુમાવતા હોય છે.

મનુષ્ય સાથે બન્નેને જોડી સકાય છે પરંતુ દેવ અને રાક્ષસને જોડવા ન જોઇએ તથા મનુષ્ય ગણના વર જોડે રાક્ષસ ગણની વધૂ ન જોડવી જોઇએ, અહી શાસ્ત્રકારોએ છ (૬) ગુણ રાખ્યા છે જે આઠ (૮) હોવા જોઇએ.

૭. ભકૂટ :- અહિ બન્ને જાતકો ને એકબિજાથી કેટલી લેણાદેણી છે એ જોવાય છે, શુભ ભકૂટ એટલે નવપંચમ, ત્રિએકાદશ અને મિત્ર રાશિ ઓના કેન્દ્ર યોગ ને પણ શુભ કહ્યો છે, વરની રાશિથી વધૂની રાશિ (૯) નવમી સારી પરંતુ (૫)પાંચમી સારી નથી કહી, વધૂની વરની રાશિથી (૧૨)બારમી સારી પરંતુ (૨)બીજી સારી નથી, અહી શાસ્ત્રકારોનો મૂળ ઉદ્દેશ બન્ને જાતકો એક બીજાના સહાયક બનસે કે નહી તે જોવાનો હતો પરંતુ તે યુગ પુરુષ પ્રધાન વિચાર ધારાનો હતો, અત્યારના આધુનિક યુગમાં યુવતિ ઓને યુવકોનિ આધિનતા સ્વિકાર્ય નથી કારણ કે હવે યુવતિઓ શિક્ષીત થઇ આર્થીક સ્વતંત્રતા મેળવી ચુકી હોય છે, તેઓ પોતે સ્વાવલંબી જીવન જીવી શકે છે, માટે અહી જે સાત (૭) ગુણ છે તે એક (૧) પણ બહુ થશે.

૮. નાડી :- શસ્ત્રકારોએ નાડી ને બહુજ વધુ પડતુ મહત્વ આપ્યુ હતું જે પ્રાચીન યુગ મુજબ બરોબર જણાય છે, કારણ ત્યારે લગ્ન એટલે સંતાન પ્રાપ્તી માટેનો એક સંસ્કાર તરીકે સ્વીકારવામાં આવેલી વિધી હતી. હવે વિચારધારા બદલાઇ ચુકિ છે, લોકોને હવે એક મૈત્રીપૂર્ણ જીવનસાથી ની જરૂર છે, સંતાન વાળી બાબત હવે ગૌણ ગણાય છે. એવું પણ નથી કે સંતાન નથી જોઇતા બધાને સંતાન તો જોઇએજ છે, આધુનિક ચિકિત્સા શાસ્ત્ર એટલું બધુ આગળ નીકળી ગયુ છે કે સંતાન બાધાના ૯૫ ટકા પ્રશ્નો ચિકિત્સા દ્વારા નિવારી શકાય છે, નાડી એટલે બીજુ કઇ નહી પરંતુ આપણા શરિરમાં ફેલાયેલી રગો કે નસો છે, પ્રાચીન આર્યુવેદાર્ચાર્યો વ્યક્તિના કાંડા પાસે આવેલી નાડી પર પોતાની આંગળી ઓ મુકી રોગોનું નિદાન કરતા અને તે પ્રમાણે ઉપચાર કરી લગભગ ૧૦૦ ટકા નિવારણ મેળવતા, તેઓ નાડી પરિક્ષણ દ્વારા શરિરમાં રહેલા ત્રણ મુખ્ય ઘટકોનો અભ્યાષ કરી જાણી લેતા ત્રણમાંથી કયા ઘટક માં વૃધ્ધિ કે ઘટાડો નક્કિ કરી ઉપાય વન ઔષધિયો દ્વારા કરાતો.

આ નાડી ઓ માનવ પ્રકૃતિ જોડે પણ સંકળાયેલી છે, આધનાડી એટલે રજોગુણ તથા વાત છે, મધ્યનાડી એટલે તમોગુણ તથા પિત્ત છે, અંત્યનાડી એટલે સત્વ તથા કફ છે.

નાડી દ્વારા મનુંષ્યનો સ્વભાવ, પ્રભાવ તથા પ્રકૃતિ તૈયાર થાય છે. શાસ્ત્રકારોએ બન્ને જાતકોની એકજ નાડી હોતા વિવાહ ત્યાજ્ય કીધા છે કારણ કે એક સરખા ઘટકો વાળા જોડાતા તેમની આવનારી સંતતિ કોઇ પણ એક ઘટક ના દોષ સાથે જન્મ લેશે, અથવા શારિરીક દુંબળતા ,પિડા કે વિકૃતિ સાથે જન્મ લેવાની સંભાવના ઓ વધી જતી હોય છે, પરંતુ શાસ્ત્રકારો એ અહી પણ ચિવટ રાખી છે જેમ કે

(૧) નાડી એક છે પણ રાશિ તથા નક્ષત્રો જુદાજુદા હોવા,

(૨) યુવતિનુ નક્ષત્ર યુવકના નક્ષત્રથી આગળનું ના હોય,

(૩) બન્નેના નક્ષત્રો ની વચ્ચે ૧૩ નક્ષત્રોનું અંતર હોતા, નાડી દોષ રહેતો નથી. અહી શાસ્ત્રકારો એ આઠ (૮) ગુણ મુક્યા છે જે ત્રણ (૩) હોય તો બહુ થશે .

શાસ્ત્રોમાં નક્ષત્રોને ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

આધ :- અશ્વિની, આદ્રા, પૂર્નવસુ, ઉ.ફા., હસ્ત, જ્યેષ્ઠા, મૂળ, શતતારકા તથા પૂ.ભા.

મધ્ય :- ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂ.ફા., ચિત્રા, અનુરાધા, પૂ.ષા., ધનિષ્ઠા તથા ઉ.ભા.

અંત્ય :- કૃતિકા, રોહીણી, આશ્લેષા, મઘા, સ્વાતિ, વિશાખા, ઉ.ષા., શ્રવણ તથા રેવતી.

આ ગુણ મેળાપક ઉપરાંત બન્ને જાતકોના ગ્રહો મેળવવાથી વધુ સારુ પરિણામ મેળવી શકાય છે, જેમા સૂર્ય અને ચંદ્ર મુખ્ય છે, જો આ બન્ને ગ્રહો સામસામે એક બીજાની રાશિમાં બેઠા હોય તો આવું જોડું સ્વર્ગ માંથી બનેલું જોડું કહેવાય છે. બન્નેના આત્માં તથા મન વચ્ચે જોડાણ એવું બને છે કે મન અને આત્માં ની ભાષા વાંચી લેવાતી હોય છે.

આજ પ્રમાણે બન્નેના ગ્રહો ની કુંડળી મેળવી સૂર્ય થી આત્મીયતા, ચંદ્ર થી મનમેળ, મંગળ થી સાથ સહકાર, બુધ થી બૌધિક તથા ભૌતિકતા, ગુરુ થી એક બીજા પ્રત્યે માન સંન્માન, શુક્ર થી ભોગ -વિલાસ તથા જાતિય જીવન, શનિ થી સેવા તથા સર્મપણની ભાવના, રાહુ થી મહત્કાંક્ષામાં ઉતેજના, કેતુ થી ત્યાગની ભાવના જોવામાં આવે છે.

આ પધ્ધતિ દ્વારા એક સારા સુસંકૃત સમાજની રચનામાં આપનું પણ યોગદાન કહેવાશે. કારણ કે મેળાપક કરેલ જોડાની આવનારી સંતતિ ના પરોક્ષ રુપે વિધાતાનો ભાગ ભજવો છો.

– શ્રી અશોક ચૌહાણ

---



*We are grateful to the Trustees, Committee and Management of the following Institutions for permitting us to utilize their premises for conducting our classes.*

1. **Sheth M.K.E.S. English High School, Malad**
2. **Smt. J. B. Khot High School, Borivali**

*We are grateful to the Newspaper all advertisers for their best co-operation.*

**1) Janmabhoomi** **2) Divya Bhaskar**

**3) Mumbai Samachar** **4) Gujarat Samachar**

**5) Mid Day Gujarat**

# સૂર્ય

સૂર્ય એ અખિલ વિશ્વનો આત્મા છે. આ સૃષ્ટિનો પાલનહાર છે. સૂર્યમંડળનો મુખ્ય ગ્રહ છે. સૂર્ય વિશ્વનો પ્રત્યક્ષ દેવ છે. જેના દર્શન આપણે નિત્ય કરી શકીએ છીએ. જેના દ્વારા આપણા શારીરિક, માનસિક કાર્યો થાય છે. છતાં આપણે સૌ આ પ્રત્યક્ષ દેવની આરાધના કરીને તેની શક્તિના વધુ અંશ આપણી જાતમાં સમાવીને સફળતા, કીર્તિ મેળવવાનો પ્રયત્ન પણ કરતાં નથી. કારણ કે આખા વિશ્વના કોઈની પણ પ્રત્યે પક્ષપાત વગર આ સૂર્યદેવ સતત પોતાની શક્તિના કિરણપુંજ પાથરતા રહે છે, કોઈપણ કિંમત વસૂલ્યા વગર. પણ આ તો કળિયુગ છે જ્યાં સુધી તમારી પાસેથી કોઈ કિંમત ન વસૂલવામાં આવે ત્યાં સુધી તમે તેની કદર કરી શકતા નથી. તો શું છે સૂર્યદેવની પાસેથી તેમની શક્તિના અંશ મેળવવાની કિંમત ? તો જવાબ છે સૂર્યસ્તુતિ. આપણા ઋષિમુનિઓ કે જેઓ મહાવૈજ્ઞાનિક હતા તેમણે વર્ષોના અભ્યાસ અને સંશોધન બાદ જે મંત્રો આપ્યા તે પૂર્ણપણે વૈજ્ઞાનિક છે. સૂર્યની આરાધના કોણે કોણે કરવી જોઈએ ? તો જવાબ છે આ સૃષ્ટિના પ્રત્યેક જીવે, પરંતુ બધાને ભગવાને માણસ જેવી બુદ્ધિ, સંસ્કાર કે વાચા આપી નથી, તેથી મનુષ્ય જાતે તો સૂર્ય આરાધના કરવી જ જોઈએ.

જે પણ મનુષ્યના જીવનમાં નિરાશા, સંઘર્ષ, અસફળતા અને ડર તથા આત્મવિશ્વાસનો અભાવ હોય તેમણે અવશ્ય સૂર્યની આરાધના કરવી જ જોઈએ. જેવી રીતે ગુરુ પોતાના શિષ્યના મનના અંધકારને દૂર કરે છે તે જ રીતે સૂર્યોપાસનાથી દરેક વ્યક્તિના જીવનનો અંધકાર દૂર થાય છે અને આત્મવિશ્વાસપૂર્વક પોતાની જીવન-નૈયા પસાર કરી શકે છે.

સૂર્ય પ્રધાન વ્યક્તિમાં કેવા ગુણ હોય ! પવિત્ર, ચોખ્ખા દિલના, નીડર અને ઉદાર, આત્મવિશ્વાસુ, દ્રઢ મન, બહાદુર, બળવાન, તેજસ્વી, ભવ્ય-લલાટ, ધીર-ગંભીર, સત્તાધારી માનવી, ધર્મ ગ્રંથોનું જ્ઞાન ધરાવનાર, પ્રભુ પ્રેમી, ક્ષમાશીલ, જૂઠને ધિક્કારનાર, સતત અભ્યાસ કરનાર, સિધ્ધાંતવાદી હોય.

સૂર્ય કોણ છે ? તે ધર્મ છે, તે પ્રભુ છે, તે રામ છે, તે કૃષ્ણ છે, સાધુતા જેના મનમાં છે તે સાચો સૂર્યનો જાતક છે, સમાજોપયોગી કાર્યો કરવા, મંદિર, ધર્મશાળા બંધાવવા, પાણીની પરબો બંધાવવી ઈત્યાદિ સામાજિક કાર્યો સૂર્યના જાતકો જ કરી શકે. ગરીબનું દુઃખ સાંભળી પોતાની શક્તિ પ્રમાણે અન્ન વસ્ત્ર કે ધન આપે.

સૂર્ય એ મૂળનો કારક છે તેથી અનાજ, કરિયાણું, કાપડ, આયુર્વેદિક દવાઓ, કાગળ, રૂ, ફળ, ચોપડીઓના વ્યાપારમાં સૂર્યના જાતકો હોય. મંદિર પાસે દુકાન લઈ ધુપ, માળા કે પૂજાનો સામાનનો વ્યાપાર, માળી, ખેડૂત, લાકડાના વ્યાપારી, સાધુ, ન્યાયાધીશ, બાગ-બગીચા, ઘર-ભાડા, વાડી-વજીફાના વેપારમાં સૂર્યના જાતક જ હોય. પણ જો સૂર્ય, શનિ સાથે સંબંધિત હોય તો દુઃખી, નિરાશ, લાચાર, હતાશ અને કીર્તિભંગ થાય. ન કહેવાય ન સહેવાય તેવી પરિસ્થિતિ થાય. આજ સૂર્ય જો બળવાન થઈ લગ્ન, કર્મ, લાભ કે ભાગ્ય ભાવમાં હોય તો જીવનનાં મોટા ભાગના સુખો મેળવવાને શક્તિમાન બને.

ભગવાન શ્રી કૃષ્ણએ આદિત્યહૃદય સ્તોત્રમાં કહ્યું છે કે :

"આદિત્યં ચ શિવં વિદ્યાચ્છિવમાદિત્યરુપિણમ્ । ઉભયોરંતરં નાસ્તિ આદિત્યસ્ય શિવસ્ય ચ ॥
એતદિચ્છામ્યહં શ્રોતું પુરુષો વૈ દિવાકરઃ । ઉદયે બ્રહ્મણો રુપં મધ્યાન્હે તુ મહેશ્વરઃ ॥
અસ્તમાને સ્વયં વિષ્ણુસ્ત્રિમૂર્તિશ્ચ દિવાકરઃ । નમો ભગવતે તુભ્યં વિષ્ણવે પ્રભવિષ્ણવે ॥

આદિત્ય અને શિવ બન્ને વિદ્યાની ઈચ્છા આપનાર છે જો આદિત્ય નથી તો શિવ નથી. ઉદય સમયે બ્રહ્મા સ્વરૂપ, મધ્યાન્હે મહેશ્વર અને અસ્ત સમયે સ્વયં સાક્ષાત સ્ત્રીસ્વરૂપે વિષ્ણુ સ્વરૂપ દિવાકર ધારણ કરે છે. હે ભગવાન વિષ્ણુ સ્વરૂપ દિવાકર આપને મારા વંદન હો.

**સૂર્ય મંત્ર (૧) ૐ હ્રીં સૂર્યાય નમઃ ॥ (૨) ૐ ઘૃણિઃ સૂર્યાય નમઃ ॥**

# ગોચર ફળ

વર્તમાન સમયમાં ગ્રહોનું રાશિમાં ભ્રમણ એટલે ગોચર. દરેક ક્ષણે ગ્રહોની સ્થિતિ જુદી જુદી હોય છે, અને આ સ્થિતિ અમુક પ્રકારના યોગો ઉત્પન્ન કરતા હોય છે. આવા યોગો જાતકના જન્મના ગ્રહો સાથે કે ભાવમધ્ય બિન્દુ સાથે થતા હોવાથી, અલગ અલગ જાતકને અલગ અલગ ફળ તે જ સમયે મળતું હોય છે. તે સમયે જાતકની કુંડલી જોઈ ફળ નક્કી કરવામાં આવે છે, તો તેને, તે સમયે ચાલતી દશા અને તે સમયના ગ્રહોની આકાશિય સ્થિતિ પર અવલંબે છે. ગોચર ગ્રહો જન્મના ગ્રહયોગોને પ્રજ્જ્વલિત કરી શકે, તેનું ફળ વધારી શકે, કે તે ફળનો નાશ પણ કરી શકે છે. માટે ગોચરને સૌથી વધુ મહત્વ આપવું જરૂરી છે. જન્મ કુંડલીમાં શુભયોગો ન હોય, તો પણ ગોચર-ગ્રહો શુભયોગો ઉત્પન્ન કરી લેતા હોય છે. અને જાતકે આવા ગોચરનો ઉપયોગ કરી લેવો જોઈએ અને અશુભ ગોચરથી બચવાનો માર્ગ શોધી લેવો જોઈએ.

ગોચર જોતી વખતે જન્મના ગ્રહ યાદ રાખીને આગળ ચાલવું જો તેઓ બળવાન હોય, તો બળવાન ગ્રહ આખા જીવનપર્યંત સારૂં ફળ આપતા હોય છે. તેવી જ રીતે નબળા ગ્રહ કે નબળા ભાવ જો અશુભ ગ્રહથી ગ્રસ્ત હોય, તો અશુભ ફળ આપે છે. જ્યારે કુંડળીમાં કોઈપણ ગ્રહ બળવાન ન હોય, શુભ ભાવમાં ન બેઠા હોય, કંઈ પણ સારૂં થવાની આશા રાખવી નકામી છે.

જન્મકુંડળીના ભાવફળ માટે ધ્યાન રાખવું કે, તે ભાવ જો નબળો અને અશુભ ગ્રહથી ગ્રસ્ત હોય, તે ભાવના બધા કારકો નબળા અને અશુભ ગ્રહથી ગ્રસ્ત થયા હોય, અને જે બાબત જોવાની હોય, તે બાબતને લગતી વર્ગકુંડળીનો લગ્નેશ નબળો કે ગ્રસ્ત હોય, શુભ ગોચર શુભ ફળ આપી શકશે નહિં.

જન્મસમયની લગ્નરાશિ પ્રમાણે, દરેક જાતકને, દરેક ગ્રહો શુભ કે અશુભ બનતા હોય છે. અશુભ ગ્રહો એટલે ૬-૮-૧૨ ના માલિકો અને રાહુ તથા કેતુ. બાકીનાને શુભ જ ગણવું. દરેક જાતકને ગોચરમાં પણ આ જ પ્રમાણે શુભત્વ કે અશુભત્વ લેવું. રાહુ ક્યારેક શુભ ફળ આપી જતો હોય છે, જો તે શુભ સ્થાનમાં બેઠો હોય (૬-૮-૧૨ સિવાયના), કોઈપણ ગ્રહની યુતિમાં કે કોઈ પણ ગ્રહ પર દ્રષ્ટિ ન નાંખતો હોય, ભાવમધ્ય પર ન હોય, અને તેનો રાશિ અધિપતિ બળવાન હોય.

જ્યારે જ્યારે ગોચરમાં ગ્રહો, જન્મનાં ગ્રહ સાથે કે ભાવમધ્ય સાથે ૩ રીતે યોગ ઉત્પન્ન કરે છે. ત્યારે ત્યારે શુભ-અશુભ પ્રસંગ ઉભા થતાં હોય છે. શુભતા શુભગ્રહોથી થતા યોગો આપે છે અને અશુભતામાં અશુભ ગ્રહોનું યોગદાન હોય છે. આ ૩ પ્રકારનું ગોચર નીચે પ્રમાણે લેવું અને ૩ માંથી એક પણ યોગ ઓછો પડે, પ્રસંગ બનતો નથી તે ધ્યાન રાખવું.

૧) જન્મના ગ્રહ પર કે ભાવમધ્ય પર ગોચર ગ્રહની યુતિ કે દ્રષ્ટિ

૨) ગોચરના ગ્રહની જ ગોચરના ગ્રહ સાથે યુતિ કે દ્રષ્ટિયોગ.

૩) ગોચરના ગ્રહ પર જન્મના ગ્રહની અસર યુતિ કે દ્રષ્ટિથી.

દા.ત. જન્મનો મંગળ ૧૦ મે છે, તો જ્યારે ગોચરનો ગ્રહ ૧ લે, ૪ થે, ૫ મે, ૧૦ મે આવે, જન્મના મંગળની ગોચરગ્રહ પર અસર થઈ એમ સમજવું.

ગોચર સમજતી વખતે, જાતકને ચાલતી દશા-અંતરદશાનું ધ્યાન રાખવું અને તે ગ્રહોનું ગોચર ખાસ જોવું. જાતકને ચાલતી પનોતીનું પણ ધ્યાન રાખવું. ગોચરના ગ્રહો સ્થંભી, વક્રી, અસ્તના, ધીમા, ઝડપી વગેરે પણ ધ્યાનમાં લેવું કારણ કે તેમની ખાસ અસર જોવા મળે છે.

**સ્થંભી ગ્રહો** - બળવાન થાય છે અને લાંબા સમયની દૂરગામી અસર છોડ જાય છે, જો તે જન્મકુંડળીના મહત્વના બિન્દુ લગ્ન-દશમ સૂર્ય-ચંદ્ર કે ભાવમધ્ય પર યુતિ કે દ્રષ્ટિથી અસર કરતા હોય.

**વક્રી ગ્રહો** - માર્ગી હોય ત્યારે, વક્રી બનતાં, ફરી માર્ગી થતાં તે જ પરિણામનું પુનરાવર્તન થાય છે. લગ્ન જેવી બાબતમાં લગ્નની વાતચીત, લગ્ન થવા અને લગ્નની ઉજવણી એમ અર્થ કાઢવું, નહિ કે ૩ વખત લગ્ન થશે એમ. જન્મકુંડળીમાંનો - વક્રીગ્રહ, ગોચરમાં જ્યારે માર્ગી થતો હોય, ફળ આપી જતો ગણાય છે.

**અસ્તના ગ્રહ** - ખૂબજ નિર્બળ થાય છે. સૂર્ય જો જન્મકુંડળીમાં અશુભ બનતો હોય તો અસ્તનો ગ્રહ વધુ ખરાબ ફળ આપે છે. તે ચિંતા કરાવે છે, એકલતા આપે છે. પરંતુ સૂર્ય જો શુભગ્રહ હોય તો, અસ્તના ગ્રહનું પરિણામ શુભ મળે છે.

**ધીમી ગતિના ગ્રહો** - ગોચરમાં વધુ અસરકારક અને તરી આવે તેવી અસર ઉભજાવે છે. તેઓ લાંબા સમયની અસર છોડે છે. તે ચોક્કસ સમય કરતાં એકંદર સમયની ઝાંખી કરાવે છે.

**શીઘ્રગતિના ગ્રહો** - ઝડપથી અને ટૂંકા સમય માટે અસર પહોંચાડતા હોય છે. તે બે-ત્રણ દિવસથી વધુ રહેતી નથી. પરંતુ અહીં ચંદ્ર શીઘ્રગતિવાળો હોવા છતાં અગત્યનો છે. તે બીજરૂપે છે માટે તેની અગત્યતા વધે છે. જેમને જન્મનો ચંદ્ર બળવાન હોય છે, કહેવાય છે કે અશુભ ગોચર વધુ અશુભતા આપી શકતું નથી.

ગોચરમાં બનતા યોગો, જેવા કે અમાસ-પૂનમ-ગ્રહણ વગેરે નોંધપાત્ર અસર ઉભી કરે છે. રાષ્ટ્ર જ્યોતિષમાં તેમને પ્રાધાન્ય આપવામાં આવે તો જ ફળ સમજાય. કુંડળીમાં ૨°ની મર્યાદામાં. જન્મના ગ્રહ સાથેની અસર નિહાળવા યોગ્ય હોય છે. દા.ત. અમાસનો યોગ, જન્મના શનિ સાથે પ્રતિયોગમાં પરિણમે તો, શનિસૂચક મુશ્કેલી આપે, જેવી કે નાદુરસ્ત તબિયત, અકસ્માત, નુકશાન, વિખૂટા પડી જવું વગેરે... ગ્રહણના અંશ પર બહિર્વર્તી ગ્રહો મંગળ-શનિ-ગુરુ-હર્ષલ-નેપચ્યૂન-પ્લુટો લાંબા સમયની અસર છોડે છે.

જન્મકુંડળીમાં યોગ બનાવનાર ગ્રહો, ગોચરમાં પણ જ્યારે જ્યારે યોગો ઉભા કરે છે તો અસરકારક પરિણામ દાખવે છે. દા.ત. શનિ કોઈપણ બીજા ગ્રહ સાથે જન્મસમયે અશુભ દ્રષ્ટિ યોગમાં હોય તો, ગોચરમાં, જ્યારે જ્યારે શનિ તે જ ગ્રહ સાથે અશુભ દ્રષ્ટિયોગમાં આવે તો ખૂબ જ ખરાબ ફળ મળતું જોવામાં આવે છે. અને શુભદ્રષ્ટિયોગમાં આવે તો અશુભ ફળ ઓછું મળે છે. જ્યારે જ્યારે ગોચરમાં ગ્રહો દ્રષ્ટિયોગ નિર્માણ કરે અને તે જ વખતે ચંદ્ર પણ ગોચરના કોઈ પણ ગ્રહ સાથે દ્રષ્ટિયોગમાં આવે, તે દિવસે ઉપરના ફળનો અનુભવ થાય છે.

**ગોચરમા પ્રભુકૃપા -**

જ્યારે જ્યારે શુભગ્રહો ગોચરમાં ત્રિકોણયોગ રચે, યુતિયોગ રચે અને જાતક કે રાષ્ટ્રની કુંડળીમાં પણ તે ગ્રહો કોઈ યોગમાં ભાગીદાર હોય - મનુષ્ય કે રાષ્ટ્ર માટે તે અત્યંત શુભ સમય પૂરવાર થાય છે.

**ગોચરમા કરૂણતાના યોગો -**

૧) દશા-અંતરદશા અશુભ ગ્રહની હોય, અને ભાવમધ્યના કાઢેલા નવમાંશમાં પણ અશુભગ્રહનું ગોચર ભ્રમણ હોય તો કરૂણ ઘટના આપી જાય છે.

૨) છીદ્રગ્રહો સાથે શનિ સંબંધિત થાય અને છીદ્રગ્રહો ૮ મે થી પસાર થતા હોય ત્યારે મૃત્યુતુલ્ય પીડા આપી જતા હોય છે.

૩) જન્મનો ગ્રહ નબળો હોય, તે ૬-૮-૧૨ મે બેઠો હોય અને અશુભગ્રહથી ગ્રસ્ત પણ હોય તો જ્યારે જ્યારે તેવા ગ્રહને અશુભ ગ્રહનું ગોચર અસર કરે. જેવા કે રાહુ/કેતુ - ગ્રહણ યોગ - અશુભ દ્રષ્ટિ યોગો સિરિયસ કરૂણ ઘટના આપી જાય છે. અહીં ધ્યાન રાખવું કે, નીચભંગ રાજયોગ કરનાર ગ્રહ રાજયોગ આપે પણ દુ:ખ અને મોટી ચિંતા સહિત.

**સમાજ આખાને દુ:ખ દર્દ ક્યારે આવી પડે ?**

૧) ગોચરમાં જ્યારે જ્યારે ૨ થી વધુ ગ્રહો વક્રી બને છે, વધુ પડતા મરણ થતાં હોય છે.

૨) દરેક રાષ્ટ્રની કુંડળીમાં ભૃગુનું કાલ્પનિક બિન્દુ કાઢવું.

ચંદ્રના રાશ્યાંશ + રાહુના રાશ્યાંશ ÷ ૨

અથવા તો

સૂર્યના રાશ્યાંશ + રાહુના રાશ્યાંશ ÷ ૨

જે જવાબ આવે તે પરથી એક જ વખતે શનિ/મંગળ, શનિ/સૂર્ય, સૂર્ય/મંગળ પસાર થાય સામૂહિક અકસ્માત થાય છે. અહીં ફળ અચાનક, આકસ્મિક મળે છે. આ બિન્દુ પર શુભગ્રહનું ભ્રમણ શુભ ફળ આપી જાય ખરા.

જાપાનની ટોકિયોની કુંડળીમાં ભૃગુનું કાલ્પનિક બિંદુ પર સૂર્ય/મંગળ બે વખત આવ્યા. અને ૧ થી વધુ વાર ધરતીકંપ આપ્યા જે સુવિદિત હશે.

અને સૂર્યનું ગોચર તે કંઇ ભૂલાય ? સૂર્યનું ગોચર જન્મના ગ્રહ પરથી પસાર થતાં અગત્યનું પરિણામ આપી જ જતું હોય છે. માટે કદી પણ તેને નજરઅંદાજ કરવું નહિં.

**અને હવે જોઇએ શનિની પનોતી -**

શનિની પનોતી, શનિનું ગોચર જ તો છે. જન્મના ચંદ્રથી ૧૨-૧-૨-૪-૮ સ્થાને શનિનું ગોચર ભ્રમણ એટલે જ શનિની પનોતી. ઘરમાં / ગામમાં એકથી વધુ લોકોને શનિની પનોતી બધા માટે દુ:ખદ સમય પૂરવાર થાય છે. સ્ત્રીઓને પનોતી બક્ષે છે ખરી. પનોતીમાં સ્ત્રીનું લગ્ન-બાળક થવું - નોકરી મળવી વગેરે પ્રસંગો ઘડતા જોવામાં આવ્યા છે. જાતક કે રાષ્ટ્રની કુંડળીમાં જો શનિ શુભત્વ પામતો હોય પનોતીની અશુભ અસર જણાતી નથી.

આપણે જ્યોતિષમાં અષ્ટકવર્ગ, તારાચક્ર, સર્વતોભદ્ર નવમાંશ, કે.પી. પધ્ધતિ વગેરેનું ધ્યાન રાખી ગોચરફળ જોઇએ છીએ. અહીં વિસ્તારડરના લીધે તે આપી શકતી નથી માટે ક્ષમા યાચું છું. અસ્તુ !!

**- કુંદનબેન જે દેસાઇ**

---

# GURU

The word Guru often described as a very very heavy monsoon cloud, which may burst any time to quench thirst for knowledge of disciples. Guru has tremendous divine power, knowledge and eternity which is following to his Shyshyas uninterruptedly. To acquire all these qualities thirst is needed in disciples.

How will Shishya can achieve this ? There are various ways - 1) Be in the presence of Guru. 2) Listen to his spiritual discourses. 3) Follow his sayings.

Guru is a path for reaching the almighty God. The Guru simply imparts, shares & the disciples imbibes. Vibrations from Guru may be absorbed by the disciples by simply bowing down & sitting with him.

**Harilal Malde**

Malad IInd Year Student

ભયંકર રોગની દવા છે, પરંતુ જડતાની કોઇ ઔષધિ નથી.

# નસીબ

ધન-સંપત્તિ, નફો, નુકશાન, લાભ, હાનિ, જીવનના કોઈ પણ કાર્યમાં સફળતા કે નિષ્ફળતા માટે નસીબ બિંદુનો ઉપયોગ થાય છે. જન્મ કુંડલીમાં નસીબ બિંદુ ઉપરનાં ગોચર ભ્રમણનાં શુભ-અશુભ દ્રષ્ટિ યોગ ફળને નિર્માણ કરે છે, અને તે પ્રમાણે જન્મકુંડલીમાં રહેલા નસીબ બિંદુ દ્વારા શુભાશુભ ફળનું પરિણામ પ્રાપ્ત થાય છે. શુભ દ્રષ્ટિ યોગ, શુભગ્રહોની યુતિ, નવપંચમ યોગ, ત્રિએકાદશ યોગ વધુ શુભ ફળદાયી સાબિત થાય છે. જ્યારે પાપગ્રહોની દ્રષ્ટિ, કેન્દ્ર યોગ, અશુભ ફળ પ્રદાન કરે છે.

નસીબ = લગ્ન + ચંદ્ર - સૂર્ય

નસીબનું દરેક ભાવ પરત્વે ફળ :

**૧લા ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ હોય તો જાતક સ્વપ્રયત્ને પ્રગતિ કરે છે, વ્યવસાયમાં આગળ વધે છે, જાતક બુધ્ધિજીવ, સુખી હોય છે. શુભયોગે વ્યવસાયમાં પ્રગતિ, સ્વતંત્ર વ્યવસાય કરાવે, અશુભયોગે નુકશાન કરાવે.

**૨ જા ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ હોય તો જાતક ભાગ્યશાળી, ધનવાન, વ્યવસાયમાં ધનલાભ, પોતાની કમાણીથી મિલ્કત ખરીદે છે જો શુભદ્રષ્ટિ યોગ હોય તો અને અશુભયોગ હોય તો ધનનું નુકશાન. જાતક કથાકાર, અર્થશાસ્ત્ર કે નેત્રરોગનો નિષ્ણાત બની શકે છે.

**૩ જા ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ જાતકને સ્વપરાક્રમે અને બુધ્ધિ દ્વારા ધનપ્રાપ્તિ કરાવે છે, કુટુંબની પ્રેરણાથી ફળ ઉભુ થાય છે. પ્રવાસથી લાભ મેળવે છે. ભાઈઓથી, પાડોશીઓથી લાભ મેળવે છે. કલા-કૌશલ્ય, લેખન વ્યવસાયમાં ધનપ્રાપ્તિ કરાવે છે.

**૪ થા ભાવમાં -** આ ભાવમાં નસીબ જાતકને ગુપ્તધનલાભ, સ્થાવર મિલ્કતનું સુખ, વાહન સુખ, જમીન ખેતીથી લાભ, બચતથી ફાયદો અને વારસો મેળવે છે જો શુભ યોગમાં હોય તો અને અશુભ યોગમાં હોય તો સુખમાં બાધા ઉત્પન્ન કરે છે, હાર્ટ સ્પેશીયાલીસ્ટ થઈ શકે.

**૫ માં ભાવમાં -** આ ભાવમાં નસીબબિંદુ જો શુભદ્રષ્ટિ યોગ ગુરૂ-શુક્રનો હોય તો જાતકને શેર-સટ્ટાથી અચાનક ધનલાભ કરાવે, વિદ્યામાં યશ-પ્રાપ્તિ કરાવે, અને તેના દ્વારા જાતકને ઉત્તમ ધનલાભ અપાવે. સંતાન થકી નસીબ ખીલે. સંગીત-રમત ગમતનો શોખીન અને જો સૂમેશનો અશુભ દ્રષ્ટિ યોગ હોય તો સંતાન દ્વારા સંપત્તિનું નુકશાન, અથવા શેરસટ્ટાનું નુકશાન, ધનહાનિ કરાવે.

**૬ ઠા ભાવમાં -** આ ભાવમાં નસીબ હોય તો મોસાળ પક્ષથી લાભ, નાના વ્યવસાયમાં લાભ, અથવા નોકરીમાં સારો પગાર અપાવે, નોકરોથી લાભ, સહયોગ મળે પરંતુ ૬ ઠા ભાવમાં હોવાથી ચિંતા-વ્યથા-અવરોધ સાથે ફળ મળે.

**૭ માં ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ હોય તો લગ્ન પછી ભાગ્યોદય, સસુર પક્ષથી ધનલાભ, પત્નિથી ધનલાભ, ભાગીદારનું ઉત્તમ સુખ, ભાગીદારીથી લાભ, દૈનિક કર્મમાં ઉત્તમ ધનલાભ. અશુભ યોગ હોય તો શત્રુઓ દ્વારા બાધા, ભાગીદારીનું કનિષ્ઠ ફળ, દૈનિક વ્યવહારમાં રૂકાવટ નિર્માણ થાય.

**૮ માં ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ હોય તો અચાનક ધનલાભ, શ્વસુર પક્ષ તરફથી વારસો મળે, દહેજ મળે અથવા ઘરજમાઈ બને, અકસ્માતથી બચી જાય.

**૯ માં ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ હોય તો જાતક જન્મથી જ નસીબદાર, શુભયોગ જાતકને પરદેશ ગમન દ્વારા ધનપ્રાપ્તિ, યશપ્રાપ્તિ મેળવે, અનેક પ્રવાસ કરે, ઉચ્ચ વિદ્યા મેળવવા પરદેશગમન, ધાર્મિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લાભ મેળવે. ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટી બની શકે, ટ્રાવેલીંગ સંબંધી કામકાજથી ધનપ્રાપ્તિ કરી શકે.

જેની જરૂરત જ હોય તે જે ખરીદે છે, તેને છેવટ જેની સખત જરૂરત હોય તે વેચવાં પડે છે.

**૧૦ માં ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ હોય તો જાતકને નોકરી કે ધંધામાં ઉત્તમ લાભદાયી, પ્રગતિ કરે છે, કર્મ થકી સમાજમાં યશ-કીર્તી-પ્રતિષ્ઠા મેળવે છે. પિતાથી લાભ.

**૧૧ માં ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ ઈચ્છાપૂર્તિ કરાવે છે. ધનસંબંધી ઈચ્છા પરિપૂર્ણ થાય છે. સામાજીક કાર્યોમાં ધનપ્રાપ્તિ, મિત્રો થકી આર્થિક લાભ મેળવે છે.


**૧૨ માં ભાવમાં -** આ ભાવમાં નસીબ બિંદુ શુભયોગમાં હોય તો જાતકને આયુષ્યનાં ઉત્તરાર્ધમાં ધનપ્રાપ્તિ, પરદેશથી લાભ, લાંબા ગાળાના રોકાણથી લાભ કરાવે છે, અશુભયોગમાં હોય તો જોખમી કાર્યો કરાવે, અવરોધો સાથે ફળ મળે, ધનહાનિ, માનહાનિ કરાવે.

નસીબની અન્ય ગ્રહો સાથે યુતિ

| | |
|---|---|
| નસીબ + સૂર્ય | = આત્મબળ વધુ |
| નસીબ + ચંદ્ર | = લાગણીશીલ, ઉદાર, પરોપકારી |
| નસીબ + મંગળ | = પરાક્રમી |
| નસીબ + બુધ | = લેખક અથવા વ્યાપારી |
| નસીબ + ગુરૂ | = અધ્યાપક, ચિંતક, જ્ઞાની |
| નસીબ + શુક્ર | = કલાકાર |
| નસીબ + શનિ | = ગુઢ વિદ્યાનો જાણકાર |
| નસીબ + રાહુ | = ઝટપટ કમાવું, છળ કપટથી આગળ વધે |
| નસીબ + કેતુ | = સફળતાપૂર્વક સાહસ |

- જયશ્રી શુકલ

---



**હરિષભાઈ ઠક્કર**
**(મોક્ષ: ૨૩-૧૦-૨૦૧૦)**

॥ શ્રી ગણેશાય નમઃ

## પૂજ્ય આદરણીય પિતાને શ્રધ્ધાંજલિ

પિતા પુત્રીનો સંબંધ જગતમાં સૌથી ન્યારો છે. જીવનના પહેલા પગલાથી માંડી જે આધાર, વિશ્વાસ પિતા તરફથી મળે છે, જેનો દુનિયામાં કોઈ મોલ નથી.

મારા જીવનના દરેક ખુશીના અને દુઃખના પ્રસંગે મારી પડખે ઉભા રહેનારા પિતાએ જીવનમાં એટલું બધુ આપ્યું છે કે જેનું ઋણ સાત જન્મ સુધી ચુકવવું મુશ્કેલ છે. અને જીવનના અંતિમ તબક્કે જતા-જતા પણ જ્યોતિષ વિદ્યાના ક્લાસમાં આવી મને આદર્શ સંસ્થાનો પરિચય કરાવ્યો અને Ashok Sir અને Beena Madam જેવા વિદ્વાન લોકોથી પરિચિત કરાવ્યા.

તમે જ્યાં પણ રહો હંમેશા ખુશ રહો તમારી કમી તો જીવનભર રહેશે જ. ઈશ્વર તમારા આત્માને શાંતિ આપે.

લિ. **હીના વસાણી (પુત્રી)**

**કમલેશ ઠક્કર (પુત્ર)**

# મુહૂર્તશાસ્ત્રનું મહત્વ

મુહૂર્ત એ જ્યોતિષશાસ્ત્રનું એક અંગ છે. આપણા ધર્મની સાથે પણ મુહૂર્ત વણાયલું છે. મુહૂર્ત એટલે એક એવો સમય કે જે પ્રસંગનાં સંદર્ભમાં પ્રારંભે નક્કી કરવામાં આવે છે. જેના કારણે ઉક્ત પ્રસંગમાં શુભત્વ, શુદ્ધત્વ તથા પૂર્ણત્વ પ્રદાન થઈ શકે જેની આ જન્મ તથા પૂર્વજન્મમાં શુભ અસરો વર્તાય, તેને મુહૂર્ત કહેવાય છે. મુહૂર્ત દૈવકૃત કાર્યોમાં જોવામાં આવતું નથી જ્યારે મનુષ્ય સહજ કાર્યોમાં જોવામાં આવે છે.

મુહૂર્તની ઉપરની વ્યાખ્યા તેના કાર્યો વિષે ખ્યાલ આપે છે. મુહૂર્ત જોનારને તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ, ઋતુઓ, માસ, દિશા, સંક્રાંતિ, દિનમાન તથા જ્યોતિષશાસ્ત્ર વિષેનો પ્રાથમિક ખ્યાલ હોવો જરૂરી છે. પૂર્ણવાર, પૂર્ણતિથિ, પૂર્ણ નક્ષત્ર તથા શુભ-શુદ્ધ, લગ્ન હોય તો જ મુહૂર્તમાં લેવાય છે. આમ શુભત્વ, શુદ્ધત્વ તથા પૂર્ણ વાર, તિથિ, નક્ષત્ર, લગ્ન ઈત્યાદિને પ્રસંગના અનુરૂપ મેળવવા માટે જે સમય નિશ્ચિત કરીએ તેને મુહૂર્ત કહેવાય છે. તે સમયે દરેક કાર્ય કરવું શ્રેષ્ઠ છે. કારણ તે વખતે તિથ્યાદિકનાં સંયોગથી આકાશમાં અને હવાના વાતાવરણમાં કાર્યને મજબૂતી આપવાનો ખાસ ગુણ હોય છે.

આ રીતે નિશ્ચિત કરેલ ઉત્તમ મુહૂર્તનાં સમયમાં શુભ પ્રસંગ ઉજવવાથી તે ચોક્કસ સિધ્ધ થાય છે. મુહૂર્તમાં એક એવું બળ હોય છે જે ક્રિયા પ્રક્રિયાનાં વર્તમાન તથા ભવિષ્યનું બળ વધારે છે.

મુહૂર્ત સાથે ગ્રહો પણ સંકળાયેલા હોય છે. દા.ત. વિવાહ લગ્નનાં મુહૂર્તમાં સૂર્ય, ગુરૂ, શુક્ર, ચંદ્રની શુભતા જોવામાં આવે છે. યાત્રાના મુહર્ત વખતે કાળચક્ર જોવાય છે. જુદા-જુદા કાર્યો માટે જુદા-જુદા મુહર્ત જોવાય છે. તથા તે માટે પંચાંગના પાંચ અંગો વિશે પૂરેપૂરી સમજ હોવી જરૂરી છે. ઉપરાંત ક્ષયતિથિ, વૃધ્ધિતિથિ, વિંછુડો, પંચકનો પણ ખ્યાલ રાખવો જોઈએ.

ફાગણ સુદ આઠમથી ફાગણ સુદ પૂનમ સુધી હોળાષ્ટક હોય છે. ધન રાશિમાં સૂર્ય રહે એટલો સમય ધનાર્ક કહેવાય. તથા મીન રાશિમાં સૂર્ય રહે તો તેટલો સમય મીનાર્ક કહેવાય. આ સમય નર્મદાની ઉત્તરમાં અશુભ કહેવાતો હોવાથી તે પ્રદેશોમાં વિવાહ આદિ માટે લેવાતો નથી. ગુરુ ગ્રહનો કે શુક્ર ગ્રહનો લોપ હોય તો તે સમયે લગ્ન મુહૂર્ત લેવાતા નથી.

વર્ષમાં આવતા કાયમી શુભ મુહૂર્તવાળા દિવસો - મહાસુદ પાંચમ-વસંતપંચમી, વૈશાખ સુદ ત્રીજ-અખાત્રીજ અને વાહનો, શસ્ત્રો અને ધંધાની શુરૂઆત માટે આસો સુદ દસમ - દશેરા હોય છે. અશુભ તિથિ - નોમ, ચોથ, ચૌદશ, અમાસ કહેવાય છે. એકમ છઠ અગિયારસ ને જો શુક્રવાર આવે તો,બીજ, છઠ, બારસને બુધવાર આવે તો, ત્રીજ, આઠમ, તેરસને મંગળવાર, ચોથ, નોમ, ચૌદશને શનિવાર, પાંચમ, દશમ, પૂનમને ગુરુવાર આવે તો સિદ્ધિયોગ ગણાય છે. આ યોગમાં કરેલા કાર્યો સિધ્ધ થાય છે પરંતુ જો સૂર્ય-ચંદ્રના ક્રાંતિસામ્યથી તથા વ્યતિપાત યોગ હોય તો સિધ્ધિયોગમાં પણ કાર્ય સિધ્ધ થતું નથી.

અમૃતસિધ્ધિ યોગ - રવિવારે હસ્ત, ગુરુવારે પુષ્ય, બુધવારે અનુરાધા, શનિવારે રોહિણી, સોમવારે મૃગશીર્ષ, શુક્રવારે રેવતી, મંગળવારે અશ્વિની નક્ષત્ર હોય તો અમૃતસિધ્ધિયોગ થાય છે.

નોંધ - મિત્રો, વૈદિક જ્યોતિષ સંસ્થાન આપણને સારામાં સારૂ જ્ઞાન આપે છે. આગળ વધવા પ્રોત્સાહન આપે છે. જીવનમાં આશાનું નવું કિરણ આપનાર આપણાં ગુરૂઓને અમારા કોટી કોટી વંદન.

પ્રસ્તુતકર્તા : હીના મિસ્ત્રી

અંતરાત્મા આપણને ન્યાયાધીશની જેમ સજા કરતાં પહેલાં મિત્રની જેમ ચેતવણી આપીને ચેતવે છે.

## -: અંગ્રેજી મીડીયમમાં બાળકોને મૂક્યા હોય તો આ વાંચો :-

મેં ભારતદેશના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના વિસ્તીર્ણ વિસ્તારોનું પરિભ્રમણ કર્યું છે. આ દેશ એટલો સમૃધ્ધ છે અને તેની પ્રજાનું નૈતિક મૂલ્યોનું સ્તર એટલું ઉન્નત છે કે મેં દેશમાં કોઈ નાગરિક એવો ન જોયો કે જે ભિક્ષુક હોય કેજે ચોર હોય. હું નથી ધારતો કે આવા ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યવાન દેશને આપણે ક્યારેય પણ જીતી શકીએ. સિવાય કે આ દેશની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસો કે જે રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન છે તેનો આપણે નાશ કરી શકીએ.

અને આથી હું દરખાસ્ત કરૂં છું કે આપણે તેની ગૌરવસમી સદીઓ પુરાણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને તેની સાંસ્કૃતિક પ્રથાઓને મૂળથી જ બદલીએ કે જેના પરિણામે હિન્દુસ્તાનીઓ માનતા થાય કે જે કંઈ વિદેશી છે અને ઇંગ્લીશ છે તે તેમના કરતા વિશેષ સારું છે અને મહાન છે અને આ કારણે તેઓ પોતાની ઓળખ તેમજ આત્મગૌરવ ગુમાવશે. પોતાનું નિજી સાંસ્કૃતિક સ્વરૂપ ગુમાવશે અને તેઓ એવા નાગરિકો બની જશે કે '' જેવા આપણે તેમને ઈચ્છીએ છીએ.''
(કાળ અંગ્રેજો-સ્વૈચ્છિક ગુલામો)

એ ખરા અર્થમાં આપણા આધિપત્યવાળું ગુલામ રાષ્ટ્ર બની રહેશે.

આપણને ઇતિહાસ(કે ઉઠા) એવો ભણાવાયો કે આપણે અંધકાર યુગમાં જીવતા હતા.

---

કલકત્તા, ઓક્ટોબર ૧૨, ૧૮૩૬

પરમ પ્રિય પિતાજી !

આપણી શાળાઓ ખૂબ સરસ રીતે ઉન્નતિ કરી રહી છે. હિન્દુઓ પર આ શિક્ષણનો પ્રભાવ અદ્‌ભુત થયો છે. અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો એક પણ હિન્દુ એવો નથી જે સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો હોય. થોડા એવા છે જે નીતિના વિચારથી પોતાને હિન્દુ કહે છે અને કેટલાક ખ્રિસ્તી બની રહ્યા છે. એ મારો વિશ્વાસ છે કે જો આપણી આવી જ શૈક્ષણિક નીતિ ચાલતી રહેશે તો અહીંની સન્માનિત જાતિઓમાં આગામી ત્રીસ વર્ષોમાં એક પણ એવો બંગાળી બાકી નહીં બચ્યો હોય જે મૂર્તિપૂજક હોય. આ એમને ખ્રિસ્તી બનાવ્યા વિના જ થઈ જશે. એમના ધર્મમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા પણ નહીં રહે. આપણું (અંગ્રેજી) જ્ઞાન અને વિચારશીલતા વધારવાથી એ કામ આપમેળે થી જશે. આવી સંભાવના પરમને અત્યંત પ્રસન્નતા થઈ રહી છે.

વાંચવા પછી તમારું સ્વાભિમાન શું કહે છે ?

આપનો પ્રિય
ટી. બી. મેકોલ

# RESULTS

## VEDIC JYOTISH PRAVESH

| No. | Student Name | Marks |
|---|---|---|
| 1 | SONI JYOTI N | 87 |
| 2 | BHAVSAR HIREN U | 85 |
| 3 | MALDE HARILAL V | 84 |
| 4 | THAKER YOGEN B | 79 |
| 5 | MISTRY PINARKA R | 79 |
| 6 | MALDE JYOTI | 76 |
| 7 | THAKER DIPTI M | 72 |
| 8 | JOSHI MANISH S | 71 |
| 9 | TAILOR SEJAL P | 70 |
| 10 | BHATT UMESH K | 68 |
| 11 | SHAH TEAJESH M | 68 |
| 12 | SHAH MEGHA D | 67 |
| 13 | PANCHAL NEETA S | 66 |
| 14 | JAIN NIKITA J | 66 |
| 15 | SINGHVI ANUJA S | 66 |
| 16 | DESAI KULWANT Y | 64 |
| 17 | SAGAR VASANT G | 63 |
| 18 | JOSHI KISHOR V | 62 |
| 19 | KASADIYA HASHMUKHLAL R | 57 |
| 20 | PAREAKH PARUL P | 53 |
| 21 | PANCHAL SADHANA D | 51 |
| 22 | SHAH SUNANDA J | 45 |
| 23 | JOSHI HEMANT H | 42 |
| 24 | TANK LATA J | 39 |
| 25 | TANK JAYESH C | 36 |

## VEDIC HAST REKHA VIGNYATA

| No. | Student Name | Marks |
|---|---|---|
| 1 | PANCHAL NEETA S | 90 |
| 2 | SHAH TEAJESH M | 89 |
| 3 | BHAVSAR HIREN U | 88 |
| 4 | JOSHI MANISH S | 87 |
| 5 | THAKER DIPTI M | 86 |
| 6 | MALDE HARILAL V | 86 |
| 7 | PAREAKH PARUL P | 85 |
| 8 | JAIN NIKITA J | 85 |
| 9 | MISTRY PINARKA R | 83 |
| 10 | THAKER YOGEN B | 83 |
| 11 | SONI JYOTI N | 82 |
| 12 | SINGHVI ANUJA S | 82 |
| 13 | DESAI KULWANT Y | 81 |
| 14 | TANK LATA J | 79 |
| 15 | SAGAR VASANT G | 78 |
| 16 | JOSHI HEMANT H | 77 |
| 17 | SHAH MEGHA D | 76 |
| 18 | TANK JAYESH C | 71 |
| 19 | MALDE JYOTI | 71 |
| 20 | TAILOR SEJAL P | 69 |
| 21 | SHAH SUNANDA J | 68 |
| 22 | JOSHI KISHOR V | 67 |
| 23 | PANCHAL SADHANA D | 64 |
| 24 | KASADIYA HASHMUKHLAL R | 62 |
| 25 | BHATT UMESH K | 59 |

# VEDIC JYOTISH SANSTHAN

## RESULTS

### VEDIC VASTU PRAVESH

| No. | Student Name | Marks |
|---|---|---|
| 1 | BHAVSAR HIREN U | 93 |
| 2 | SONI SARIKA R | 90 |
| 3 | TAILOR SEJAL P | 77 |
| 4 | THAKER DIPTI M | 75 |
| 5 | MISTRY PINARKA R | 70 |
| 6 | SONI JYOTI N | 64 |
| 7 | JOSHI HEMANT H | 62 |
| 8 | THAKER YOGEN B | 61 |
| 9 | MALDE HARILAL V | 55 |
| 10 | BHATT UMESH K | 55 |
| 11 | JOSHI KISHOR V | 54 |
| 12 | VORA JAVLIKA P | 53 |
| 13 | SAGAR VASANT G | 48 |
| 14 | MAKWANA ARVIND S | 46 |
| 15 | JOSHI MANISH S | 41 |
| 16 | PANCHAL SADHANA D | 36 |

### VEDIC VASTU BHUSHAN

| No. | Student Name | Marks |
|---|---|---|
| 1 | DAVE ZANKHANA K | 91 |
| 2 | BHADRA VASANTI S | 84 |
| 3 | VAIDYHA SARVIL | 75 |

### VEDIC JYOTIRBHUSHAN

| | | |
|---|---|---|
| 1 | DAVE ZANKHANA K | 92 |
| 2 | MEHTA MUKESH | 90 |
| 3 | SHAH VIPUL | 89 |
| 4 | BHADRA VASANTI S | 86 |
| 5 | VAIDYHA SARVIL | 65 |




**એક વર્ષના ૩૬૫ દિવસ x મનગમતો નિયમીત વ્યાયામ અડધો કલાક (૩૦ મિનીટ) = ૧૮૨.૫ કલાક**

**૧૮૨.૫ કલાક ÷ એક દિવસના ૨૪ કલાક = ૭.૬૦૪ દિવસ**

ઘણાને ફરજીયાત ડોકટરની સલાહ મુજબ ૮-૧૦ દિવસનો ૨૪ કલાક બેડ રેસ્ટ કરવો પડતો હોય છે.

**૮ દિવસનો બેડ રેસ્ટ... કે ૮ દિવસનો નિયમીત મનગમતો વ્યાયામ.**

વ્યાયામ માટે સમય ફાળવો... અથવા માંદગી માટે સમય જરૂર ફાળવવો પડશે.

આપણે બધીજ ભૌતિક વસ્તુઓ મેન્ટેઈન કરવા માટે સમય ફાળવીએ છીએ. પરંતુ માનવમંદિર મેન્ટેઈન કરવાના કેટલા પ્રયાસ કરીએ છીએ ?

શું આપણે ખરેખર વ્યસ્ત છીએ ? શું આપણે બેદરકાર છીએ? શું આપણે આળસુ છીએ?

વિચારો અને અમલમાં મૂકો...

# VIMAL PRINTERS

**28720944 / 9324445699 / 9322660944**

## नक्षत्र ज्ञान माला

अश्विनि भरणी पद चार
कृतिका एक चरण है मेष ।

कृतिका तिन रोहिण्ये चार
दो पद मृग वृषभ विचार ।

मृग दो पद आर्द्रा चार
तिन पुर्नवसू मिथुन विचार ।

एक पुर्नवसू पष्य श्लेष
जानिये कर्कट राशि विषेश ।

मधा पूर्वा उत्तर पद एक
सिंह राशिका करो विवेक ।

उत्तरा तिन सकल पद हुस्त
दो पद चित्रा कन्या जानो ।

दो पद चित्रा स्वाति चार
तिन विशाखा पद है तुल ।

एक विशाखा अनुराधा चार
ज्येष्ठा पूर्ण है वृश्चिक विचार ।

मूल पूर्वा उत्तरा पद एक
धनु राशिका करो विवेक ।

उत्तरा तिन श्रवण पद चार
दो धनिष्ठा मकर विभेद ।

दो धनिष्ठा शतभिष चार
पूर्वा तिन पद कुम्भं निर्धार ।

पूर्वा एक उत्तरा चार
सकल रेवति मीन विचार ।

## तिथि दोहा

प्रतिपदा एकादशी षष्ठी नन्दा जान।
दूज सप्तमी द्वादशी भद्रा मान।
तृतीया अष्टमी त्रयोदशी जया जान।
चौदशी चौथ नवमी येतो है रिक्ता मान।
पंचदशी पंचमी तथा दशमी है पूर्णा मान।
सब तिथियोके नाम सम जानो फल परिणाम।

# श्री सूक्तं बीज मंत्र सहित

ॐ ऐं ॐ
हिरण्यवर्णां हरिणीं सुवर्णरजतस्रजाम् ।
चंद्रां हिरण्मयीं लक्ष्मीं जातवेदो म आवह ।।१।।

ॐ ऐं ॐ ह्रीं ॐ
तां म आवह जातवेदो लक्ष्मीमनपगामिनीम् ।
यस्यां हिरण्यं विन्देयं गामश्वं पुरुषानहम् ।। २ ।।

ॐ ह्रीं ॐ श्रीं ॐ
अश्वपूर्वां रथमध्यां हस्तिनादप्रबोधिनीम् ।
श्रियं देवीमुपह्वये श्रीर्मा देवीर्जुषताम् ।। ३ ।।

ॐ श्रीं ॐ क्लीं ॐ
कां सोस्मितां हिरण्यप्राकारामार्द्रां ज्वलन्तीं तृप्तां तर्पयन्तीम्।
पद्मे स्थितां पद्मवर्णां तामिहोपह्वये श्रियम् ।। ४ ।।

ॐ क्लीं ॐ वदवद ॐ
चंद्रां प्रभासां यशसा ज्वलन्तीं श्रीयं लोके देवजुष्टामुदाराम् ।
तां पद्मिनिमीं शरणमहं प्रपधेऽलक्ष्मीर्मे नस्यतां त्वां वृणे ।। ५ ।।

ॐ वदवद ॐ वाग्वादिनी ॐ
आदित्यवर्णे तपसोऽधिजातो वनस्पतिस्तववृक्षोऽथ बिल्वः।
तस्य फलानि तपसा नुदन्तु मायान्तरायांश्च बाह्या अलक्ष्मीः ।। ६ ।।

ॐ वाग्वादिनी ॐ ऐं ॐ
उपैतु मां देवसखः कीर्तिश्च मणिना सह ।
प्रादुर्भूतोऽस्मि राष्ट्रेऽस्मिन् कीर्तिमृद्धिं ददातु मे ।। ७ ।।

ॐ ऐं ॐ सौः ॐ
क्षुत्पिपासामलां ज्येष्ठामलक्ष्मीं नाशयाम्यहम् ।
अभूतिमसमृद्धिं च सर्वां निर्णुद मे गृहात् ।। ८ ।।

ॐ सौं ॐ हंसः ॐ
गन्धद्वारां दुराधर्षां नित्यपुष्टां करिषिणीम् ।
ईश्वरीं सर्वभूतानां तामिहोपह्वये श्रीयम् ।। ९ ।।

ॐ सोऽहं ॐ आं ॐ
मनसः काममाकूतिं वाचः सत्यमशीमहि ।
पशूनां रूप मन्नस्य मयि श्रीः श्रयतां यशः ।। १० ।।

ॐ आं ॐ ह्रौं ॐ
कर्दमेन प्रजाभूता मयि सम्भव कर्दम ।
श्रियं वासय मे कुले मातरं पद्ममालिनीम् ।। ११ ।।

ॐ ह्रौं ॐ क्रों ॐ
आपः स्त्रजंतु स्निग्धानि चिक्लीत वस मे गृहे ।
निं च देवीं मातरं श्रियं वासय मे कुले ।। १२ ।।

ॐ क्रों ॐ क्रीं ॐ
आर्द्रां पुष्करिणीं पुष्टिं पिंगलां पद्ममालिनीम् ।
चंद्रां हिरण्यमयीं लक्ष्मीं जातवेदो म आवह ।। १३ ।।

ॐ क्रीं ॐ स्त्रीं ॐ
आर्द्रां यष्करिणीं यष्टिं सुवर्णां हेम मालिनीं ।
सूर्यां हिरण्मयीं लक्ष्मीं जातवेदो म आवह ।। १४ ।।

ॐ स्त्रीं ॐ हुं ॐ
तां म आवह जातवेदो लक्ष्मीमनप गामिनीं ।
यस्यां हिरण्यं प्रभूतं गावो दास्योऽश्वान्विन्देयं पुरुषानहम् ।। १५ ।।

ॐ हुं ॐ स्वाहा ॐ
यः शुचिः प्रयतो भूत्वा जुहुयादाज्य मन्वहंम् ।
सूक्तं श्रियः पञ्चदशर्च च श्रीकामः सततं जपेत् ।। १६।।

ॐ

# मां और मन:स्थिति



मैं तुम्हारी गुन्हगार हूं
मुझे माफ करना
तुम्हे बेतहाशा...
बडा करने की जिद् में
पालने में झुलाने की बजाय
पलंग की सहुलियत जुटाली थी मैंने

सोचा था...
पालना नाहक बीचमें अडेगा,

तुम्हारे कान...
लोरियों के मीठे पान से अनभिज्ञ ही रहें,
थपकियों को ही मैंने
तुम्हारे प्रति
अपना प्यार समझा,

वक्त के अभाव में
राजकुमार व परियों की कहानी
अनकही ही रहीं...

बारिश की फुहारों में
जब कभी
तुमने भीगना चाहा...
बहते पानी में
छोड नाव फुदकना चाहा...
तब -

हिफाजत के नाम
तुम पर सख्त पहरे लगा दिये थे,
आंचल में छुपे रहने की उम्र में
तहजीब की
विदेशी कारागार में
कैद कर आयी थी,

फूल से नाजुक कंधों पर तुम्हारे
किताबों का बोझ लाद कर
तुम्हारी...
मासुमियत छीनती रहीं,

वक्त के साथ
तुम पलती रही,

तुम्हारे -
बढते कद को देख
एक दिन,
मेरे अंदर की
'औरत' सिहर उठी थी
मैंने ही तो...
तुम्हारे अंदर
'तुलसी' का पौंधा नहीं उगने दिया,
'मोगरे' की खुश्बू नहीं फैलने दी,
'गुलाब' की सुंदरता नहीं पनपने दी,

तुम्हारे -
खयालात की दुनिया को
रिवाजों के नाखून से
कुरेदती रही,
तुम्हारा जतन
किसी जायदाद की तरह होता रहा,
अब...
तुम्हारे बेवक्त बुढाते कंधों पर
जमाने का बोझ...
व्यस्तता....
झूंझलाहट...
भय व आक्रोश
देखती हूं,

और -
आदतन तुम्हारे
मुंह से फिसला हुआ शब्द
'मां' सुनती हूं
तब -
खलता है अपनेपन का अभाव
तुम्हारे इस हालत के लिए
कसुरवार हूं मैं...
मैं ही तुम्हारी
बदहवास जिंदगी की 'जननी' हूं
मुझे माफ करना
बच्चे ----!




- अनुजा सिंघवी
2nd Year Student - Malad

**VEDIC JYOTISH SANSTHAN**

## સ્વ. શાંતીલાલ દવેના જન્મને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા નિમિત્તે

### ચંદ્રકોના પ્રાયોજક

# દવે પરિવાર



Late Shantilal M. Dave





Smt. Kapilaben S. Dave

**Mr. Jitendra Shantilal Dave**

Astrological Guidance

**Smt. Veena Dave**

402, Vrashbha Bldg., Maharashtra Nagar Rd., Opp. Bank of Maharashtra,
L. T. Road, Borivali (W), Mumbai - 400 092.

**Tel.: 022-28913838 • Cell: 9323882240**

---

## *Winner of Silver Medal for Excellence*



Jyoti N. Soni
Jyotish Shastra
1st Year



Neeta S. Panchal
Hasta Rekha
1st Year



Hiren V. Bhavsar
Vaastu Shastra
1st Year



Zankhana K. Dave
Jyotish Shastra &
Vaastu Shastra
2nd Year

તમારા સાધન પ્રમાણે ઉદાર થાઓ, નહિ તો ઈશ્વર ઉદારતા પ્રમાણે જ સાધનો આપશે.

# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ૨૦૧૦




















# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ૨૦૧૦




















# આકાશ દર્શન - ૨૦૧૧

આજના દોડધામ ભર્યા જીવનમાં શું આપણને ખરેખર બે ઘડી નિસર્ગને નિહાળવાનો સમય છે ? રોજ સવારે પૂર્વ દિશાની ક્ષિતિજે આવતા સૂર્યદેવ હોય કે પછી અંધકારમય રાત્રીમાં શીતળતાનો પ્રકાશ પ્રજ્વલિત કરતા ચંદ્ર કે તારા હોય, ખરું પુછો તો આજની જીવન જીવવાની ઝડપમાં આપણે ઘણી વખત એવી અમૂલ્ય અને અદ્‌ભુત વસ્તુઓને વિસરી જઈએ છીએ જે આપણા જીવન સાથે સંકળાયેલી હોય છે. બસ આજ ભૂલાએલી, ન જોએલી ન વિચારેલી નિસર્ગની અદ્‌ભુત રહસ્યતાઓ અને આશ્ચર્યચકિત કરવાવાળી ઘટનાઓને નિહાળવાનો કાર્યક્રમ વૈદિક જ્યોતિષ સંસ્થાન એ તા. ૯-૪-૨૦૧૧ ના શનિવારની સાંજના M.K.E.S. સ્કુલ ખાતે આયોજીત કર્યો હતો. જેમાં ૨૫૦ જેટલા જ્યોતિષ જિજ્ઞાસુઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સંપૂર્ણ રાત્રિ દરમિયાન ચાલી રહેલા તદ્દન નિ:શુલ્ક કાર્યક્રમમાં નહેરુ પ્લાનેટોરિયમમાંથી આવેલા ખગોળશાસ્ત્રીઓએ અવકાશમાં વિહરતા ગ્રહો, રાશિ, નક્ષત્રોની ઓળખ ત્યાં ઉપસ્થિત રહેલા રસિકો સામે રજુ કરી હતી.

પૂર્વ તરફથી ઉદિત થતા ચંદ્રને ટેલિસ્કોપની મદદ દ્વારા જોવાની અમૂલ્ય તક લોકોએ લીધી. પછી થોડાજ સમય બાદ સૃષ્ટિમાં ન્યાયાધિશ તરીકે જાણીતા એવા સૂર્યપુત્ર શનિદેવને પોતાના વલયો સાથે ભ્રમણ કક્ષામાં ફરતા જોઈ ત્યાં ઉપસ્થિત લોકો આનંદ-વિભોર થઈ ગયા. ન ગણી, ન માપી શકાય એવા સંપૂર્ણ આકાશને નહેરુ પ્લાનેટોરિયમમાંથી આવેલા ખગોળશાસ્ત્રીઓએ દૃશ્ય-શ્રાવ્ય (Slide show)ના માધ્યમ દ્વારા પ્રસ્તુત કરવાની કોશિશ કરી, અવકાશમાં સ્થિત એવા વિવિધ ગ્રહો અને નક્ષત્રોની રંગીન તસ્વીરોએ લોકોનો ઉત્સાહ વધાર્યો. તથા પૃથ્વીથી કોષો દૂર રહેલા અવકાશમાં સ્થિત સપ્તર્ષિ અને તેમાં સમાયેલા અરુંધતિના તારાને તથા વિવિધ રાશિઓનો પરિચય લોકો સમક્ષ રજુ કર્યો.

આ જ રીતે આખી રાત્રી દરમિયાન ચાલી રહેલા સંસ્થાના અધ્યાપકોના માહિતીપૂર્ણ અને રસપ્રદ પ્રવચાનોએ લોકોની જ્યોતિષ વિષયની ઘણી મુંઝવણોઓને દૂર કરી. ૨૭ નક્ષત્રોની સમજણ, મનમાં ભય પેદા કરતો છાયાગ્રહ - રાહુ વગેરેની સ્પષ્ટતાએ લોકોને જાગૃત કર્યા.

તે સાથે સાથે સ્વરજ્ઞાનની મહત્તા, શરીરમાં સમાયેલા સાત ચક્રોની વિશિષ્ટતાનું વર્ણન અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું. અને કાર્યક્રમ દરમિયાન ચાલી રહેલા ચા-કોફી અને અલ્પહારની જ્યાફત પણ ત્યાં ઉપસ્થિત લોકોએ લીધી.

સૂર્યોદય થવા પહેલાં જ બ્રહ્મમુહૂર્તમાં ૐકારના નાદે લોકોમાં તાજગી અને ઉમંગનો સંચય કર્યો. મુંબઈના પ્રદુષણ ભર્યા વાતાવરણમાં ભાગ્યેજ દેખાતા સુંદરતા અને પ્રેમના પ્રતીક એવા શુક્ર ગ્રહની ઝાંખી બધાને થઈ. અને તેની સાથે શરીરમાં ઉમંગ અને મનમાં શાંતિ લઈ સૂર્યદેવના દર્શન કરી લોકોએ ઘર તરફ પ્રયાણ કર્યું.

આવા અનોખા કાર્યક્રમને સફળ અને અવિસ્મરણીય બનાવવા પાછળ ત્યાં ઉપસ્થિત રહેલા જ્યોતિષ જીજ્ઞાસુ અને કાર્યક્રમના પાયા હેઠળ કામ કરનારી વ્યવસ્થાપક સમિતીનો મોટો ફાળો છે. વૈદિક જ્યોતિષ સંસ્થાન આ કાર્યક્રમમાં જોડાયેલા સહુને ખરા હૃદયથી ધન્યવાદ કરે છે અને આભાર પ્રકટ કરે છે. વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા દરવર્ષે યોજાતા આવા અવર્ણનીય કાર્યક્રમો જ્યોતિષ વિદ્યાને જાળવી અને ટકાવી રાખવા અને લોકો સુધી પહોંચાડવામાં સહાયરૂપ થાય છે.

॥ હરી ૐ ॥

**ઝંખના દવે**

વૈદિક જ્યોતિષ સંસ્થાન

# આકાશ દર્શન - ૨૦૧૧











# આકાશ દર્શન - ૨૦૧૧







